# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૮ * અંક-૧ * સપ્ટેમ્બર, ૨૦૨૩



# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● શાસ્ત્રોનું શ્રવણ, ધારણ, વિચારણા, આમ્નાય અને અનુપ્રેક્ષાપૂર્વક અભ્યાસ કરે. તેથી સર્વ કલ્યાણનું મૂળ કારણ એક આગમનો યથાર્થ અભ્યાસ છે. ત્યાં આ સંસારવનમાં ભ્રમણ અનાદિકાળથી છે, તેથી જીવોને શાસ્ત્રાભ્યાસ થવાનો અવસર પામવો અત્યંત દુર્લભ છે. ૨૦૧૬. (શ્રી ભાગચંદજી, સત્તાસ્વરૂપ, પાનું-૨-૩)

● આગમમાં નિરંતર લાગેલી બુદ્ધિ મુક્તિરૂપી સ્ત્રીને પ્રાપ્ત કરવામાં દૂતી સમાન છે તેથી ભવભીરૂ ભવ્ય જીવોએ યત્નપૂર્વક પોતાની બુદ્ધિ શાસ્ત્રના અધ્યયન-શ્રવણ-મનન આદિમાં લગાવવી જોઈએ. ૨૦૧૭.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચારિત્ર અધિકાર, ગાથા-૭૬)

● મર્કટનો જાતિસ્વભાવ અતિશય ચંચળ હોય છે, પણ તે ફળ ફૂલથી હરાભરા વૃક્ષ ઉપર ઝટ રમવા લાગી જાય છે. એવું કોઈ એકાદ વૃક્ષ જો તેને મળી જાય તો તે ત્યાથી પછી ખસતાં નથી. મન એ પણ મર્કટ જેવું અતિ ચંચળ છે. ફળ, પત્ર, ડાળીઓ અને શાખા, પ્રશાખાઓથી ભર્યું વૃક્ષ જો તેને મળી જાય તો તે ત્યાં રમે છે પણ પછી ત્યાંથી ખસતું નથી. એમ વિચારી પૂર્વ મહાપુરુષોએ તેને રમવા યોગ્ય સુંદર વિસ્તીર્ણ વૃક્ષ શોધી કાઢ્યું. તે ક્યું ? માત્ર એક જિનાગમ. મનને ઘણો વખત રમવા માટે આપ્ત પુરુષોની પવિત્ર વાણી એ એક સર્વથી સારામાં સારું વૃક્ષ છે. તેના ઉપર રમતાં તેની ચંચળતાજન્ય મિથ્યા પ્રવૃત્તિ રોકાઈ તેને વિનોદ મળે છે. એ શાસ્ત્રરૂપ વૃક્ષમાં વૃક્ષની બધી વસ્તુઓ રહેલી છે. ૨૦૧૮. (શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૭૦)

● (આ પરમાગમમાં) અમંદપણે (જોરથી બળવાનપણે, મોટે અવાજે) જે થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું, તે બધું ચૈતન્ય વિષે ખરેખર અગ્નિમાં હોમાયેલી વસ્તુ સમાન (સ્વાહા) થઈ ગયું. (અગ્નિને વિષે હોમવામાં આવતા ઘીને અગ્નિ ખાઈ જાય છે, જાણે કે કાંઈ હોમાયું જ ન હોય ! તેવી રીતે અનંત મહાત્મ્યવંત ચૈતન્યનું ગમે તેટલું વર્ણન કરવામાં આવે તોપણ જાણે કે એ સમસ્ત વર્ણનને અનંત મહિમાવંત ચૈતન્ય ખાઈ જાય છે; ચૈતન્યના અનંત મહિમા પાસે બધું વર્ણન જાણે કે વર્ણન જ ન થયું હોય એમ તુચ્છતાને પામે છે.) તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે-ઉગ્રપણે અનુભવો કારણ કે આ લોકમાં બીજું કાંઈ જ (ઉત્તમ નથી), ચૈતન્ય જ એક પરમ (ઉત્તમ) તત્ત્વ છે. ૨૦૧૯. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, શ્લોક-૨૨)

વર્ષ–૧૮
અંક–૧




વિ. સંવત
૨૦૭૯
September
A.D. 2023

**પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મ મહોત્સવના ઉપલક્ષ્યમાં**

**જિજ્ઞાસુઓને આત્મપ્રાપ્તિ માટે**

# મંગલ માર્ગદર્શન

## 卐 વારંવાર જ્ઞાયકને ઓળખવાનો પ્રયત્ન કરવાનો છે. 卐

જ્ઞેય સાથે એકત્વબુદ્ધિ નહિ કરતાં, જ્ઞેય હું નથી પણ હું જ્ઞાયક છું, એમ વારંવાર જ્ઞાયકને ઓળખવાનો પ્રયત્ન કરવાનો છે. જ્ઞાયક છું, જાણનાર છું તેમ આવે તે ઠીક છે, પણ અંતરમાંથી ઓળખીને હું જ્ઞાયક છું એવી જેની પરિણતિ પ્રગટ થાય તે યથાર્થ છે. ક્ષણે ક્ષણે જે જે જ્ઞેયો જણાય છે, અંદરમાં જે વિભાવ પરિણતિ થઈ રહી છે અર્થાત્ વિભાવના જે જે ભાવો આવે છે તે કાળે હું જ્ઞાયક છું તેમ પરિણતિ અંદરમાંથી જો થાય તો તે બરાબર છે. તે ન થાય ત્યાં સુધી હું જ્ઞાયક છું એમ ભાવના–જિજ્ઞાસા કરે અને તેવા વિચારો કરે તે ઠીક છે. એકત્વબુદ્ધિ તોડવાની છે કે જ્ઞેયરૂપે હું નથી પણ હું જ્ઞાયક છું. જાણવાના કાળમાં હું કાંઈ જ્ઞેયરૂપે થતો નથી પણ હું જ્ઞાયક તો જ્ઞાયક જ છું. છતાં તેને ઓળખતો નથી ત્યાં સુધી પરિણતિ પ્રગટ થતી નથી. ૧.

## 卐 પૂર્ણજ્ઞાન તો વિચાર કરીને નક્કી થાય. 卐

પૂર્ણજ્ઞાન તો વિચાર કરીને નક્કી થાય. તે જ્ઞાન પ્રગટ નથી, પણ શક્તિરૂપે છે. જાણનાર જે તત્ત્વ છે તે અનાદિથી છે. તે જાણનાર તત્ત્વ એવું હોવું જોઈએ કે તે પૂરું જાણે, અધૂરું જાણે નહિ. જેમ આ જડ તે કાંઈ જાણતું નથી, તેમાં જાણવાનો કોઈ અંશ નથી તેમ આ જાણનાર વસ્તુ છે તેમાં 'ન જાણવું' એમ ન આવે. જે જાણે તે પૂરું જાણે જ,–તેનામાં પૂરું જાણવાની શક્તિ હોય જ. પણ અત્યારે તે રાગ-દ્વેષ ભ્રાન્તિમાં રોકાઈ ગયો છે એટલે પૂરું જાણી શકતો નથી; છતાં પણ તેનો જ્ઞાનસ્વભાવ નાશ પામ્યો નથી.

પર્યાયમાં જ્ઞાન અધૂરું-ઓછું થઈ ગયું છે, પરંતુ પૂરું જાણવાની તેનામાં શક્તિ છે. પોતે તેનો સ્વભાવ ઓળખીને, તત્ત્વ ઓળખીને નક્કી કરે કે પૂરું જાણવાનું કાર્ય અત્યારે નથી, પણ શક્તિ પૂરું જાણવાની છે. શક્તિને કોઈ આડખીલ-અટક ન હોય કે આટલું જાણે અને આટલું ન જાણે. પોતે પૂરેપૂરું જાણે, નહિ જાણવાનો ભાગ તેમાં ન આવે. જેમ જડમાં કોઈ જાણવાનો ભાગ નથી, તેમ જાણનારમાં કોઈ નહિ જાણવાનો ભાગ નથી, પૂરેપૂરું જાણે. આ વાત યથાર્થ છે કે નહિ તે યુક્તિથી નક્કી કરે તો થઈ શકે છે. આખા લોકાલોકને એક સમયની અંદર ક્રમ પડ્યા વગર સહજ જાણે એવો તેનો સ્વભાવ છે. ૨.

## 卐 જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી છે. 卐

હું જ્ઞાયક છું એમ અંતરમાંથી પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને અંદરમાંથી પોતે રાગથી નિવર્તે અને પોતે પોતામાં લીનતા કરે અર્થાત્ હું જ્ઞાયક છું તેમ જ્ઞાયકરૂપે પરિણમન કરે તો જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી છે.

આ બધું ઉદયાધીન છે, હું જ્ઞાયક માત્ર છું, આ બધો વિભાવભાવ છે તેમ માત્ર બોલ્યા કરે અને અંતરમાંથી ભેદજ્ઞાન ન કરે તો તેને જ્ઞાયકરૂપે પરિણતિ ન થાય, પણ તે બોલવારૂપ થાય. શુભ પરિણતિ કરી તેમાં સંતુષ્ટ થાય તોપણ તે ક્રિયામાં રોકાઈ જાય છે. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને તેમ જ હું જ્ઞાયક છું તેમ જાણીને, રાગથી જુદો પડે અને જ્ઞાયકની જ્ઞાયકરૂપ પરિણતિ કરે તો જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી છે એટલે કે તેણે અનેકાન્તપણે આત્માને યથાર્થ ગ્રહણ કર્યો છે. હું ચૈતન્ય દ્રવ્ય અખંડ શાશ્વત છું એમ જાણીને જેવો જ્ઞાયક છે તેવી પરિણતિ પ્રગટ કરે છે. અર્થાત્ પર્યાયમાં પણ રાગથી નિવર્તે છે અને પોતાની જ્ઞાયકરૂપ પરિણતિ પ્રગટ કરે છે, તો તેને ખરેખર ભેદજ્ઞાન અને જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ છે.

માત્ર એકલી ક્રિયામાં સંતોષાઈ જાય અને બોલવામાં જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ કર્યા કરે તથા આ બધું ઉદયાધીન છે એમ માની અંતરમાંથી રાગથી નિવર્તન કરતો નથી ને ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટ કરતો નથી, તો તેને જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી નથી. ૩.

## 卐 પહેલાં પોતાના માટે યોગ્યતા તૈયાર થાય છે. 卐

પહેલાં તેને પોતાની યોગ્યતા તૈયાર થાય છે. તે યોગ્યતા કહેવાય તો વ્યવહાર,

તેને કાંઈ નિશ્ચય લાગુ ન પડે, છતાં પણ એવી એક જાતની યોગ્યતા તૈયાર થાય છે. જેમ ગુરુદેવ કહે છે ને ? કે પહેલાં દેશનાલબ્ધિ થાય. ગુરુની વાણી સાંભળતાં તેને અંતરમાં એમ થાય કે ગુરુ કાંઈક જુદું જ તત્ત્વ કહે છે. એવી કંઈક અપૂર્વતા ભાસી જાય છે. ભલે તે શુભભાવ છે; પણ તેની સાથે કંઈક ઊંડપ આવી જાય છે. આ વિકલ્પથી પણ કંઈક જુદું તત્ત્વ ગુરુ કહેવા માગે છે એવી તેને અપૂર્વતા ભાસી જાય તો તેને દેશનાલબ્ધિ પ્રથમ થાય અથવા એવી જાતનો કોઈ અવગ્રહ—પક્કડ થઈ જાય કે આ બધાથી જુદું કોઈ આત્મતત્ત્વ છે. એવી જાતની અંતરમાંથી કોઈ ભાવના જાગી જાય છે.

તેવી રીતે ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના જાગે છે. આ બધુંય દેખાય છે ને આ બધા વિકલ્પો આવે છે—ભલે ગમે તેવા ઊંચામાં ઊંચા શુભભાવ આવે છે—તોપણ અંદર આત્મા બધાથી જુદો છે તે આત્મા અંદરમાં કંઈક અપૂર્વ વસ્તુ છે—એવી કંઈક અંતરમાંથી ભાવના સ્ફુરે તે ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના છે. આવે છે ને ? કે—

''तत्प्रति प्रीति चित्तेन येन वार्ता पि हि श्रुता;
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाण भाजनम् ।''

ગુરુની વાણી સાંભળીને એમ થાય કે આ કંઈક અપૂર્વ છે. એ તેને ઉપર ઉપરથી ન લાગે, પણ અંતરમાંથી લાગી જાય કે વાણીમાં આમ કહેવા માંગે છે, વિકલ્પોથી પણ જુદું કોઈ તત્ત્વ કહેવા માગે છે. ભલે તે તત્ત્વ પકડાતું નથી; પણ એવું એને, વિકલ્પ છે તોપણ, ભાસ્યમાન થઈ જાય છે. કોઈ વસ્તુની અપેક્ષા વગર, એકલું નિરપેક્ષપણે એવી ભાવના સ્ફુરી જાય છે કે આ બધાથી જુદું કોઈ તત્ત્વ અંદર છે. આ ચૈતન્યમાંથી ઊગેલી ભાવના છે. તેને ગુરુનો ઉપદેશ સાંભળવાનો વિકલ્પ આવે છે, છતાં પણ કોઈ જાતની અપેક્ષા વિના એને એવી ભાવના સ્ફુરે છે કે બધાયથી રહિત એવું ચૈતન્ય તત્ત્વ મને પ્રગટ થાવ, તો તે પ્રગટ થયા વગર રહે જ નહિ. ભાવના એવી ઉગ્ર હોય તો પ્રગટ થાય જ. ૫.

## 卐 સમ્યગ્દષ્ટિને પોતાનું ઘર છૂટતું નથી. 卐

સમ્યગ્દષ્ટિને પોતાનું ઘર છૂટતું નથી, ઘરમાં જ ઊભેલો છે. ઘરના બારણામાં ઊભેલા હોવા છતાં તેને ઘર છૂટ્યું નથી, શાંતિ જ છે. જ્યારે ઘરમાં આવવું હોય ત્યારે તેની પરિણતિ તે તરફ દોડી આવે છે. જોકે તેઓ અમુક પ્રકારની અસ્થિરતાને લઈને બહારના પરિચયમાં બારણામાં ઊભા કોઈની સાથે વાતચીત કરતા હોય તે પુરુષાર્થની મંદતાને કારણે ઊભા છે તોપણ ભાવના એવી છે કે આ ક્ષણે બધું છૂટી જતું હોય તો

અંતરમાં લીન થઈ જાઉં અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ કરી લઉં. તેમની એટલી ભૂમિકા નથી કે વારંવાર મુનિની જેમ અંતર્મુહૂર્તે—અંતર્મુહૂર્તે અંદર ચાલ્યા જાય. તેવી દશા નથી તોપણ કોઈ કોઈ વખતે પોતાના સ્વઘરમાં લીન થઈ જાય છે. બહાર ઉપયોગ જાય ત્યારે પણ સ્વઘરને છોડતા નથી. પોતાના સ્વઘરનું અસ્તિત્વ અને જ્ઞાયકતા ગ્રહણ કરી તે જ્ઞાયકતાની શાંતિ કાયમ વર્તે છે. તે જ્ઞાયકપણું છૂટીને બહાર જતો જ નથી, એકત્વબુદ્ધિ થતી જ નથી.

તેમને બહારમાં એવો ઉત્સાહ નથી આવતો કે પોતાનું ઘર છોડીને બહાર ચાલ્યા જાય. અનેક જાતના ઉદયો આવે તેમાં એકત્વ થઈ જાય અને તેનો રસ વધી જાય એવું બનતું નથી. પોતાના ચૈતન્યઘરની—સ્વઘરની તેમને એવી મહિમા છે કે ચૈતન્ય ગ્રહણ થયું તે છૂટતું નથી. ચૈતન્યના ઘરમાં જવું તે તેમના હાથમાં છે. ચૈતન્યના ઘરમાં જવું તે માર્ગ તેમના માટે સહજ અને સુગમ થઈ ગયો છે; પણ તેમના પુરુષાર્થની મંદતાને લઈને ઉપયોગ બહાર ચાલ્યો જાય છે. ગૃહસ્થદશાને લઈને થોડી વાર બારણામાં ઊભા દેખાય છે પણ પુરુષાર્થ ઊપડે તો અંદર ચાલ્યા જાય છે. ત્યાં ને ત્યાં ઊભા રહેતા નથી, સ્વરૂપમાં લીન થઈ જાય છે. ૬.

## 卐 જ્ઞાયકની ધારા વર્ત્યા જ કરે છે. 卐

દ્રવ્યનું આલંબન ગ્રહણ કરીને પ્રતીતિ થઈ છે, માટે તે છૂટતી નથી. પ્રતીતિ એકકોર પડી છે એમ નહિ, કાર્યરૂપ છે—જ્ઞાયકની ધારા વર્ત્યા જ કરે છે. બહાર ગયેલી વિભાવની પરિણતિને ત્યાંથી પાછી વાળી લીનતારૂપે કાર્ય લાવે છે. આત્માની પ્રતીતિ ત્યારે જ કહેવાય કે જ્યારે આત્માની અંતરથી સમ્યગ્દર્શનરૂપે પ્રતીતિ આવે ને કાર્ય કરે. જે કાર્ય નથી કરતી તે પ્રતીતિ વિકલ્પરૂપે છે, યથાર્થ પ્રતીતિ નથી. સહજરૂપે કાર્ય લાવે તો જ યથાર્થ પ્રતીતિ છે. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને તે પરિણતિ તેમાં લીનતાનું પણ કાર્ય લાવે છે.

સમ્યગ્દર્શન થાય એટલે અવશ્ય તેને ચારિત્ર, વીતરાગદશા બધું આવવાનું જ છે. સમ્યગ્દર્શને કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે, કેવળજ્ઞાન સાથે રમત ચાલુ કરી છે, તેમ શાસ્ત્રોમાં આવે છે. કેવળજ્ઞાન સુધી પહોંચવા માટે થઈને લીલામાત્રમાં પોતાની પરિણતિને પોતા તરફ લાવે છે. ચારિત્રદશા ભલે કોઈને ક્રમે ક્રમે વધે ને કોઈને જલદી વધે; પણ કેવળજ્ઞાનની પરિણતિ પ્રગટ ન થાય ત્યાં સુધી તેની પુરુષાર્થની ધારા ચાલુ છે. પોતાના સ્વરૂપની દશા પ્રાપ્ત કરવા માટે પરિણતિ ચાલુ જ રહે છે. ૭.




## દસલક્ષણ પર્યુષણ પર્વ

(મુનિભગવંતના અંતર સ્વરૂપ પરિણતિરૂપ ધર્મ જો કે એકત્વ સ્વરૂપ હોવા છતાં ભેદના કથનથી દસ રૂપ છે—જે દસ ધર્મોની આરાધનાનું પર્વ છે. આ પર્વ નિમિત્તે ભગવાન કાર્તિકેયસ્વામી દ્વારા રચિત કાર્તિકેયાનુપ્રેક્ષામાં સ્વભાવરૂપ ધર્મને દસ પ્રકારથી સમજાવ્યું છે, તેના અહીં ગાથાર્થ આપવામાં આવેલ છે.)

**દસ ધર્મ :—**તે મુનિધર્મ ક્ષમાદિ ભાવોથી દસ પ્રકારનો છે. કેવો છે તે? સૌખ્યસાર એટલો તેનાથી સુખ થાય છે અથવા તેનામાં સુખ છે અથવા સુખથી સારરૂપ છે—એવો છે. હવે કહેવામાં આવનાર દસ પ્રકારના ધર્મો ભક્તિથી, ઉત્તમ ધર્માનુરાગથી જાણવા યોગ્ય છે.

**ઉત્તમ ક્ષમાધર્મ :—**જે મુનિ દેવ–મનુષ્ય–તિર્યંચાદિ દ્વારા રૌદ્ર ભયાનક ઘોર ઉપસર્ગ થવા છતાં પણ ક્રોધથી તપ્તાયમાન ન થાય તે મુનિને નિર્મલ ક્ષમા હોય છે.

**ઉત્તમ માર્દવધર્મ :—**જે મુનિ ઉત્તમજ્ઞાનથી તો પ્રધાન હોય તથા ઉત્તમ તપશ્ચરણ કરવાનો જેનો સ્વભાવ હોય તોપણ પોતાના આત્માને મદરહિત કરે—અનાદરરૂપ કરે તે મુનિને ઉત્તમ માર્દવધર્મરત્ન હોય છે.

**ઉત્તમ આર્જવધર્મ :—**જે મુનિ મનમાં વક્રતા ન ચિંતવે, કાયાથી વક્રતા ન કરે, વચનથી વક્રતા ન બોલે તથા પોતાના દોષોને ગોપવે નહિ—છુપાવે નહિ તે મુનિને ઉત્તમ આર્જવધર્મ હોય છે.

**ઉત્તમ શૌચધર્મ :—**જે મુનિ સમભાવ અર્થાત્ રાગ-દ્વેષરહિત પરિણામ અને સંતોષ અર્થાત્ સંતુષ્ટભાવરૂપ જળથી તૃષ્ણા તથા લોભરૂપ મળસમૂહને ધોવે છે, ભોજનની ગૃદ્ધિ અર્થાત્ અતિ ચાહનાથી રહિત છે તે મુનિનું ચિત્ત નિર્મળ છે, અને તેને ઉત્તમ શૌચધર્મ હોય છે.

**ઉત્તમ સત્યધર્મ :—**જે મુનિ જિનસૂત્ર–અનુકૂળ જ વચન કહે, વળી તેમાં જે આચારાદિ કહ્યાં છે તે પાલન કરવામાં પોતે અસમર્થ હોય તોપણ અન્ય પ્રકારથી ન કહે, વ્યવહારથી પણ અલીક એટલે અસત્ય ન કહે તે મુનિ સત્યવાદી છે અને તે જ ઉત્તમ સત્યધર્મ હોય છે.

**ઉત્તમ સંયમધર્મ :—**જે મુનિ, જીવોની રક્ષામાં તત્પર વર્તતો થકો, ગમનાગમન આદિ સર્વ કાર્યોમાં તૃણનો છેદમાત્ર પણ ન ઈચ્છે, ન કરે તે મુનિને ઉત્તમ સંયમધર્મ હોય છે.


**ઉત્તમ તપધર્મ :—**જે મુનિ આલોક–પરલોકના સુખની અપેક્ષારહિત તથા સુખ–દુ:ખ, શત્રુ–મિત્ર, તૃણ–કંચન અને નિંદા–પ્રસંશાદિમાં રાગ-દ્વેષ-રહિત સમભાવી થઈ અનેક પ્રકારનો કાયક્લેશ કરે છે, તે મુનિને નિર્મલ અર્થાત્ ઉત્તમ તપધર્મ હોય છે.

**ઉત્તમ ત્યાગધર્મ :—**જે મુનિ મિષ્ટ ભોજન છોડે, રાગ-દ્વેષને ઉપજાવવાવાળાં ઉપકરણોનો ત્યાગ કરે તથા મમત્વના કારણરૂપ વસતિકાનો ત્યાગ કરે, તે મુનિને (ઉત્તમ) ત્યાગધર્મ હોય છે.

(અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## આત્મા સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવી, છતાં બંધન કેમ ?

તું સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવી છો, તોપણ અનાદિથી તારા પોતાના જ અપરાધથી શુભાશુભ ભાવકર્મમાં રોકાઈ ગયો હોવાથી, શુભાશુભ ભાવકર્મથી લેપાઈ ગયો હોવાથી, સર્વને સંપૂર્ણ પ્રકારે જાણનાર એવા તને પોતાને જ તું જાણતો નથી. સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપના ભાવમાં રોકાઈ ગયો એ જ તારો અપરાધ છે, તેથી ભાવકર્મને નિષેધવામાં આવ્યું છે.

શુભભાવ તેમજ અશુભભાવ બંધસ્વરૂપ હોવાથી તેને નિષેધવામાં આવ્યો છે. તેમ અહીં આચાર્યદેવ સમજાવે છે.

તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,
સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.

અબંધ સ્વરૂપના આશ્રયે થતાં પરિણામ તે અબંધ સ્વરૂપ છે. ભગવાન આત્મા જ્ઞાન ને દર્શન સ્વરૂપ છે, તેથી સમસ્ત વિશ્વને જાણવા-દેખવાના સ્વભાવવાળું તત્ત્વ છે. આત્મા શરીર-કર્મથી જુદું તત્ત્વ છે તેમ ભાવકર્મથી પણ જુદું તત્ત્વ છે. તે સમસ્ત વિશ્વને જાણવાના સ્વભાવવાળું આત્મતત્ત્વ છે, એવું તે આત્મદ્રવ્ય પોતાના પુરુષાર્થના અપરાધથી ભાવકર્મ વડે ઢંકાઈ ગયું છે, લેપાઈ ગયું છે. જડકર્મના ઉદયના કાળમાં પોતે જ પોતાના અપરાધથી પરદ્રવ્યને જાણવામાં રોકાઈ જતાં શુભાશુભભાવ વડે લેપાઈ ગયો છે. આત્મા પોતે પોતાના પુરુષાર્થના અભાવથી લેપાઈ ગયો છે.

ભાવકર્મ છે તે પોતાનો અપરાધ છે. પોતાનું સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા છે, અબંધ સ્વરૂપ છે, જ્ઞાયકસ્વરૂપ છે પણ પોતાના અપરાધથી પુણ્ય-પાપના ભાવમાં રોકાઈ જાય છે તે ભાવબંધ છે. આત્મા જ્ઞાન ને દર્શનથી ભરેલો સર્વજ્ઞ ને સર્વદર્શી સ્વભાવી છે પણ પોતાના અપરાધથી રાગમાં રોકાઈ જવાથી આત્મા ભાવકર્મથી લેપાઈ ગયો છે.

**પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈક નહિ વિણસે,**
**તેથી કરે છે તે જ કે બીજો—નહીં એકાંત છે. ૩૪૫.**
**પરમાગમ શ્રી સમયસાર**

પુણ્યભાવ તે રાગ છે, પોતાનો અપરાધ છે, તેનાથી ધર્મ કેમ થાય ? પોતાના સર્વજ્ઞ ને સર્વદર્શી સ્વભાવને ભૂલીને રાગમાં રોકાઈ જાય છે તે પોતાનો જ અપરાધ છે. જડકર્મના લીધે રાગમાં રોકાઈ ગયો નથી પણ પોતાના પુરુષાર્થના અપરાધથી અટકી ગયો છે. લોકાલોકને જાણવા-દેખવાનો સ્વભાવ હોવા છતાં પોતાના અપરાધથી પોતાને ભૂલીને રાગમાં અટકી ગયો છે તેથી ભાવકર્મ સાથે આત્મા વ્યાપ્ત થયો છે. જડકર્મ પુદ્‌ગલ છે, તેની સાથે આત્મા વ્યાપ્ત કેમ થાય ? પોતાના અપરાધથી ભાવકર્મ સાથે આત્મા વ્યાપ્ત થયો છે.

તેનો અપરાધ એટલો કે જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને ભૂલી ગયો ને રાગમાં રોકાઈ ગયો. તેથી સર્વને સર્વપ્રકારે જાણનારા એવા પોતાને જાણતો નથી. સર્વને સમસ્ત પ્રકારે જાણનાર-દેખનાર એવું આત્માનું સ્વરૂપ છે પણ પોતાના પુરુષાર્થના અપરાધથી રાગમાં રોકાઈ ગયો હોવાથી પોતે પોતાને જ જાણતો નથી.

સર્વને જાણવું-દેખવું એવો જેનો સ્વભાવ છે એવા પોતાના આત્માને જ તે દેખતો નથી. કેમ કે બંધ-અવસ્થામાં પોતાના અપરાધથી રાગમાં રોકાઈ ગયો છે. સર્વને જાણનાર એવા પોતાને તું જાણતો નથી ને બીજાને જાણવામાં તું રોકાઈ ગયો તે તારો પોતાનો જ અપરાધ છે.

જેમણે સર્વજ્ઞ-સર્વદર્શી આત્માને પૂર્ણપણે જાણ્યો છે એવા સર્વજ્ઞદેવની વાણીમાં એમ આવ્યું કે તું તો સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવવાળો છે. સમસ્ત વિશ્વને જાણનાર-દેખનાર છો, છતાં તારા અપરાધ વડે પુણ્ય-પાપમાં એકાકાર થવાથી ભાવકર્મથી વ્યાપ્ત થયો હોવાથી તું તને જાણતો નથી. સર્વને સંપૂર્ણ પ્રકારે જાણવા-દેખવાવાળું તું દ્રવ્ય છો, પણ તારી પર્યાયમાં તારા અપરાધ વડે તું રાગમાં એકાકાર થયો છો તેથી તું તને જાણતો નથી.

તું પરમાત્મસ્વરૂપ છો માટે જાણવા-દેખવાનું જ તારું સ્વરૂપ છે. તું સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવવાળો છો, પણ તેને ન જોતા રાગને જાણવામાં અટક્યો છો તેથી સર્વને જાણનાર એવા તને જાણતો નથી. રાગમાં રોકાયો છો--બંધમાં અટક્યો છો, માટે સર્વને સર્વપ્રકારે જાણનાર એવા પોતાને જાણતો નથી. સર્વને જાણતો નથી એમ નથી કહ્યું પરંતુ સર્વને જાણનાર એવા પોતાને જાણતો નથી તેમ કહ્યું છે.

સંવત ૪૯માં શ્રી કુંદકુંદાચાર્યદેવ સદેહે મહાવિદેહમાં ગયા હતા, ત્યાં ભગવાન શ્રી સીમંધરસ્વામીની સાક્ષાત્ વાણી સાંભળી હતી. ત્યાંથી આવ્યા પછી આ શાસ્ત્રોની રચના કરી. તેમાં એમ કહ્યું કે હે ભવ્ય ! તું સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવી છો પણ બંધની અવસ્થામાં

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૧ ઉપર)

**પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,**
**જીવ તેથી વેદે તે જ કે બીજો—નહીં એકાંત છે. ૩૪૬.**



# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(શ્લોક ૬૦-૬૧)

હવે ત્રીજા કળશમાં આત્મસ્વરૂપની ભાવનાનું ફળ બતાવીને તેની પ્રેરણા કરે છે—

(માલિની)

अनवरतमखण्डज्ञानसद्भावनात्मा
व्रजति स च विकल्पं संसृतेर्घोररूपम्।
अतुलमनघमात्मा निर्विकल्पः समाधिः
परपरिणतिदूरं याति चिन्मात्रमेषः॥६०॥

જો આ આત્મા નિરંતર પોતાના અખંડ જ્ઞાનસ્વરૂપની ભાવના કરે તો ભયાનક સંસારસંબંધી વિકલ્પોને તે નષ્ટ કરે છે અને નિર્વિકલ્પ સમાધિને પામીને, પર પરિણતિથી દૂર, અતૂલ અને પવિત્ર સત્તામાત્ર આત્માને પ્રાપ્ત કરે છે.

પોતાનો શુદ્ધ આત્મસ્વભાવ અખંડ જ્ઞાનસ્વરૂપ છે, તેની ભાવના કરવી તે જ મોક્ષનો ઉપાય છે. હું પરનું કરું કે પરને ભોગવું એવી ભાવના તો અધર્મ છે અને પુણ્ય-પાપના ભાવ હું કરું એવી ભાવના પણ અધર્મ છે. આત્મા અખંડ જ્ઞાનસ્વરૂપ છે તેમાં પુણ્ય-પાપ છે જ નહિ. અખંડ જ્ઞાનસ્વરૂપને છોડીને ખંડખંડ જ્ઞાનની ભાવના કરવી તે પણ પર્યાયદૃષ્ટિ છે અને રાગનું જ કારણ છે. જેમ દેવદાર વગેરે લાકડામાં વચ્ચે ગોળ ગાંઠ હોય છે તે ગાંઠનો ભાગ લાકડાથી જુદો છે, લાકડું પોચું હોય છે ને ગાંઠ કઠણ હોય છે, બંનેનું પરિણમન જુદું છે; તેમ આત્મા જ્ઞાન-આનંદસ્વરૂપ છે, તેની અવસ્થામાં ક્ષણિક પુણ્ય-પાપ થાય છે તે ગાંઠની જેમ જુદા છે; ત્રિકાળી સ્વભાવથી તેનું પરિણમન ખરેખર જુદું છે, તેથી સ્વભાવની ભાવના વડે તે જુદા પડી જાય છે.

જ્ઞાનીઓ નિરંતર અખંડ જ્ઞાનસ્વભાવની જ ભાવના કરે છે, અવસ્થાના ભેદને અને પુણ્ય-પાપને જાણે ખરા પણ તેની ભાવના કદી કરતા નથી. આત્મા જ્ઞાયક છે તે પરથી તો તદ્દન જુદો ને પુણ્ય-પાપ પણ તેના સ્વરૂપમાં નથી. પુણ્ય-પાપ તે હું. પુણ્યથી મને લાભ

> જીવ જે કરે તે ભોગવે નહિ —જેહનો સિદ્ધાંત એ,
> તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૭.

થાય, હું પરનું કાંઈ કરું—એવા જે મિથ્યા વિકલ્પો તે ઘોર સંસારનું કારણ છે; 'હું આત્મા અખંડ જ્ઞાયકસ્વરૂપ છું' એવી ભાવનાથી તે વિકલ્પો નષ્ટ થઈ જાય છે અને નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ થાય છે. નિર્વિકલ્પ સમાધિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર; સમ્યગ્દર્શન નિર્વિકલ્પ છે, સમ્યગ્જ્ઞાન પણ નિર્વિકલ્પ છે ને સમ્યક્ચારિત્ર પણ નિર્વિકલ્પ છે, એ ત્રણે ખરેખર વીતરાગ જ છે. પરમ શુદ્ધ આત્માની ભાવનાથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે, તેથી તેની ભાવના જ મોક્ષનું કારણ છે.

રાગાદિ ભાવો આત્માના શુદ્ધસ્વરૂપથી જુદા છે તેથી તે પરપરિણતિ છે; સ્વભાવદૃષ્ટિથી આત્મા તે રાગાદિભાવે પરિણમતો નથી માટે તે રાગ પર પરિણમન છે. આત્માનું પરિણમન તેનાથી દૂર છે. આત્મા પરમ ચૈતન્યમૂર્તિ દેવાધિદેવ દિવ્યશક્તિનો ધણી છે, અવસ્થામાં જે વિકાર અને ચોરાશીના અવતાર થયા છે તેમાં તે એકમેક થઈ ગયો નથી પણ જુદો જ છે. એવા જુદા આનંદકંદસ્વભાવનું સત્સમાગમે શ્રવણ-મંથન કરીને તેની ઓળખાણ, શ્રદ્ધા અને અનુભવ કરવો તે ચોરાશીના અવતારનો નાશ કરીને મોક્ષ પામવાનો ઉપાય છે. આત્માની અવસ્થામાં રાગ-દ્વેષ-ક્રોધાદિ વિકાર થાય છે તે તુચ્છ છે, ચાર ગતિ અને ચૌદ માર્ગણા વગેરે ભાવો તુચ્છ અને ક્ષણિક છે, આત્માનો અખંડ જ્ઞાનસ્વભાવ શાશ્વત અતુલ છે; કોઈ પર પદાર્થો વડે, વિકાર વડે કે ક્ષણિક પર્યાય વડે તેના મહિમાની તુલના-માપ થઈ શકે નહિ. પોતાના સ્વભાવનો અતુલ મહિમા છે તે ભૂલીને, 'હું પુણ્યવાળો છું, મેં પુણ્ય કર્યાં' એમ અજ્ઞાની પુણ્યથી પોતાનો મહિમા માને છે. આત્માના અનંત મહિમાને ઓળખીને તેની ભાવના કરવી તે જ મોક્ષમાર્ગ છે. પુણ્ય અને પાપ બંને દોષ છે, અપવિત્ર છે. આત્માનો જ્ઞાનસ્વભાવ પવિત્ર છે. આત્માના પવિત્ર સ્વભાવની ત્રિકાળ સત્તામાં વિકાર નથી, એવા સ્વભાવની ભાવના વડે જ તેની પ્રાપ્તિ થાય છે. અખંડ જ્ઞાયક પવિત્ર આત્માની ભાવના મોક્ષનું કારણ છે. પહેલાં યથાર્થ શ્રવણ—મનનવડે એવા સ્વભાવનો બરાબર નિર્ણય કરવો જોઈએ.

પરમ પારિણામિક આત્મસ્વભાવ જ સર્વ જીવોને ઉપાદેય છે, એ સિવાય બીજા ભાવો હેય છે, એનું આ વર્ણન ચાલે છે. આવા સ્વભાવને ઓળખીને તેનો આદર કરવાથી જ જીવને ધર્મ થાય છે. આત્માના સ્વભાવમાં જન્મ-જરા-મરણ નથી, ચાર ગતિનું ભ્રમણ નથી, ચાર ગતિમાં ભ્રમણનું કારણ વિકાર છે તે પણ આત્મસ્વભાવમાં નથી. એ બધા ભાવો વિકારી અને ક્ષણિક છે, તે માત્ર ક્ષણિક ભાવોને પોતાનું સ્વરૂપ માનીને જીવ

જીવ અન્ય કરતો, અન્ય વેદે—જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૮.

અનાદિ કાળથી સંસારમાં રખડી રહ્યો છે. તે ક્ષણિક ભાવોની દૃષ્ટિ છોડીને આત્માના ત્રિકાળી સ્વભાવને લક્ષમાં લ્યે તો તેમાં સંસાર નથી, જન્મ-મરણ નથી. એવા સ્વભાવને ઓળખીને તેની ભાવના કરવાથી જ મુક્તિ થાય છે.—એ વાત ૪૨ મી ગાથામાં તથા તેના ઉપરના ત્રણ કળશમાં કહેવાણી છે. હવે ચોથા કળશમાં કહે છે કે, શ્રી મહાવીર ભગવાને આ જ ઉપદેશ કર્યો છે અને તે ઉપદેશ પામીને સંતપુરુષો મુક્ત થાય છે—

(સ્રગ્ધરા)

इत्थं बुद्ध्वोपदेशं जननमृतिहरं यं जरा नाशहेतुं
भक्तिप्रह्वामरेन्द्रप्रकटमुकुटसद्रत्नमालार्चितांघ्रेः।
वीरात्तीर्थाधिनाथाद्दुरितमघकुलध्वांतविध्वंसदक्षं
एते संतो भवाब्धेरपरतटममी यांति सच्छीलपोताः॥६१॥

એ પ્રમાણે, જેમના ચરણકમલ ભક્તિભરેલા દેવેન્દ્રોના મુગટોની સાચી રત્નમાળાથી પૂજનીક છે એવા શ્રી વીરનાથ તીર્થંકરદેવનો ઉપદેશ—કે જે દુરિત પાપરૂપી અંધકારને નષ્ટ કરવામાં પ્રવીણ છે તથા જન્મ-જરા-મરણનો નાશ કરનારો છે તે—સમજીને સત્ય અને શીલના જહાજસમાન સંતપુરુષો આ ભવસમુદ્રના સામા કિનારે પહોંચી જાય છે અર્થાત્ મુક્તિ પામે છે.

શ્રી આચાર્યદેવે શુદ્ધાત્મસ્વભાવનું અલૌકિક રીતે વર્ણન કર્યું, તેમાં મહાવીર ભગવાનની સાક્ષી આપીને કહે છે કે તીર્થનાયક મહાવીર ભગવાને પણ એ જ ઉપદેશ કર્યો હતો. આવો શુદ્ધાત્માનો ઉપદેશ જ મિથ્યાત્વ વગેરે પાપરૂપી અંધકારનો નાશ કરવામાં સમર્થ છે. સર્વે પાપના કૂળનું મૂળ મિથ્યાત્વ જ છે. શુભરાગ આત્માના સ્વભાવમાં નથી તેથી તે પણ પાપના કૂળમાં જ જાય છે. આત્માનો સ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે, તેમાં અજ્ઞાન કે પુણ્ય-પાપ નથી. જેનો નાશ કરાય તે આત્માના ત્રિકાળ સ્વભાવમાં નથી. આત્માના સ્વભાવમાં પુણ્ય-પાપ હોય તો તેનો નાશ થઈ શકે નહિ. આત્માનો સ્વભાવ તો વિકારનો નાશક છે એટલે કે તે સ્વભાવના આશ્રયે વિકારનો નાશ થઈ જાય છે.

જડ કર્મની વાત તો દૂર રહો, પણ પુણ્ય-પાપ વિનાનો હું વીતરાગ ચૈતન્યમૂર્તિ છું; આખો સંસાર તે પાપ છે; જે પુણ્યથી સ્વર્ગ મળે તે પુણ્ય પણ પાપ જ છે કેમ કે તે પણ આત્મગુણનો ઘાતક છે, આત્માના ગુણનો ઘાત કરે તે બધું પાપ જ છે. તે પુણ્ય-પાપ મારા

**જ્યમ શિલ્પી કર્મ કરે પરંતુ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ પણ કર્મો કરે પણ તે નહીં તન્મય બને. ૩૪૯.**

સ્વભાવમાં નથી. સિદ્ધભગવાનને રાગાદિ નથી, સ્વભાવમાં જે ન હતું તે દૂર થયું ને સ્વભાવ હતો તે રહી ગયો, માટે પુણ્ય-પાપ તે મારો સ્વભાવ નથી. મારો આત્મા તો જ્ઞાતાદૃષ્ટા, આનંદઘન, અરાગી-અદ્વેષી છે.—આવો શુદ્ધાત્માનો ઉપદેશ પાપરૂપી અંધકારનો નાશ કરવામાં પ્રવીણ છે.

હું વિકારી છું, હું પરના આશ્રયવાળો છું—એમ અજ્ઞાનીને અનાદિથી મિથ્યાત્વરૂપી પાપના કૂળની પરંપરા ચાલી આવે છે, તેનો નાશ કરવાવાળો શુદ્ધાત્માનો પ્રવીણ ઉપદેશ શ્રી મહાવીર તીર્થંકરદેવે આપ્યો છે. શું ઉપદેશ આપ્યો?–કે રાજપાટ વગેરે સંયોગ તો રાગ-દ્વેષનું ફળ છે, તે રાગ-દ્વેષ આત્માનો સ્વભાવ નથી, આત્મા તો પરમ પારિણામિક ચૈતન્યસ્વભાવવાળો છે–આવો શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ મહાવીર ભગવાને કર્યો. તે ઉપદેશ સમજીને શુદ્ધાત્મામાં એકાગ્રતારૂપી નૌકા દ્વારા ભવ્ય જીવો સંસારનો પાર પામી જાય છે. એ સિવાય સંસારથી પાર ઉતરવાનો બીજો ઉપાય નથી.

(ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૭ થી ચાલુ) (પર્યુષણ પર્વ)

**ઉત્તમ આકિંચન્યધર્મ :**—જે મુનિ મન-વચન-કાય–કૃત-કારિત-અનુમોદના પૂર્વક સર્વ ચેતન–અચેતન પરિગ્રહનો સર્વથા ત્યાગ કરે છે–કેવો થતો થકો? લોકવ્યવહારથી વિરક્ત થતો થકો ત્યાગ કરે છે—તે મુનિને નિર્ગ્રન્થપણું હોય છે.

**ઉત્તમ બ્રહ્મચર્યધર્મ :**—જે મુનિ સ્ત્રીઓની સંગતિ ન કરે, તેમના રૂપને ન નીરખે, કામની કથા તથા 'આદિ' શબ્દથી તેના સ્મરણાદિથી રહિત હોય, એ પ્રમાણે મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદના એમ નવ પ્રકારથી તેનો ત્યાગ કરે, તે મુનિને ઉત્તમ બ્રહ્મચર્યધર્મ હોય છે.

આ દસ પ્રકારના ધર્મ જ નિયમથી દસલક્ષણરૂપ ધર્મ છે. તેના સિવાય જેમાં પણ સૂક્ષ્મ હિંસા થાય તે ધર્મ નથી.

---

(અનુસંધાન પેજ નં. ૧૬ થી ચાલુ) (ઈષ્ટોપદેશ પ્રવચન)

આત્મા નિર્લેપ છે. આવી નિર્લેપ સ્વ શુદ્ધ સત્તાની ભૂમિમાં રાગનો લેપ માનવો એટલે રે રાગ મારી ભૂમિનો છે, મારી સત્તાનો છે, રાગ મને લાભદાયક છે એવો વિપરીત અભિનિવેશ તે મિથ્યાદર્શન છે.

આહાહા! આ મિથ્યા અભિપ્રાયનો જીવોને ત્યાગ નહિ ને બહારની વસ્તુથી ત્યાગ માને છે તેમાં જીવોને મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. આ તો વીતરાગમાર્ગ છે બાપુ! આ કાંઈ કોઈને માખણ ચોપડવાનો માર્ગ નથી. (ક્રમશઃ) ❋

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૨૭, ગાથા - ૨૬)

## આત્માનું પરમાત્મા સાથે એકીકરણ

હવે ૨૬મો શ્લોક શરૂ થાય છે.

શ્રી પૂજ્યપાદસ્વામી શિષ્યના મુખમાં પ્રશ્ન મૂકીને શ્લોકની સંધિ કરે છે. શિષ્ય કહે છે કે આત્મદ્રવ્ય ને કર્મ-પુદ્ગલ દ્રવ્ય બંને ભિન્ન છે અને અધ્યાત્મયોગના બળથી તે બંનેનો સંબંધ થતો નથી એટલે કે આત્માના આનંદસ્વરૂપની દૃષ્ટિ-જ્ઞાન અને અનુભવથી જ્યાં નિમિત્તનો સંબંધ જ ન રહ્યો તો કર્મોનો બંધ પણ ન રહ્યો તો પછી બંધના અભાવસ્વરૂપ મોક્ષ પણ ક્યાંથી થાય ? બંધ હોય તો બંધનો અભાવ થાય ને ! તેથી આ રીતે તો બંધ અને મોક્ષ સિદ્ધ થતાં નથી. જ્યારે યોગીઓ હંમેશા મોક્ષની પ્રાર્થના કરે છે—ભાવના કરે છે.

મોક્ષ તો અવિચ્છિન્ન અને અવિનાશી પરમ આનંદ અને પરમ સુખનું કારણ હોવાથી સમ્યગ્દૃષ્ટિથી માંડીને સર્વ યોગીઓ તેની પ્રાર્થના કરે છે—ભાવના કરે છે. ધર્મી જીવ અંતર એકાગ્રતાપૂર્વક એક અતીન્દ્રિય સુખસ્વરૂપ મોક્ષની જ ભાવના ભાવે છે. બીજી કોઈ ચીજની તેમને ભાવના હોતી નથી. એક પૂર્ણ આનંદની પ્રાપ્તિનો જ ધર્મી જીવો પ્રયત્ન કરી રહ્યા છે. તો બંધ હોય તો જ તેનો અભાવ થતાં મોક્ષ હોય અને તો જ તેની યોગીઓ ભાવના કરે. માટે બંધ અને મોક્ષ કેવી રીતે છે તે સિદ્ધ કરો.

તેના ઉત્તરસ્વરૂપ ગુરુ ૨૬મો શ્લોક કહે છે :—

બધ્યતે મુચ્યતે જીવઃ સમમો નિર્મમઃ ક્રમાત્ ।
તસ્માત્સર્વપ્રયત્નેન નિર્મમત્વં વિચિન્તયેત્ ।।૨૬।।

મોહી બાંધે કર્મને, નિર્મમ જીવ મુકાય,
તેથી સઘળા યત્નથી, નિર્મમ ભાવ જગાય. ૨૬.

આ તો પંચમઆરાના મુનિએ ઈષ્ટ ઉપદેશ રચ્યો છે પણ ત્રણકાળના મુનિઓ અને તીર્થંકરોનો આ જ ઈષ્ટ ઉપદેશ હોય છે. કાળ ગમે તે હો પણ હિતનો માર્ગ તો એક જ હોય.

**જ્યમ શિલ્પી કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને. ૩૫૦.**

શ્લોકમાં મુનિરાજ આદેશ કરે છે કે મમતાયુક્ત જીવ બંધાય છે, નિર્મમ જીવ બંધાતો નથી માટે દરેકે નિર્મમતા પ્રગટ કરવાનું લક્ષ રાખવું.

અનાદિથી જીવને મિથ્યા અભિપ્રાયથી કર્મોનું બંધન થાય છે. પોતાના સ્વભાવમાં એકાગ્રતા કરવાથી જ લાભ છે. એવો અભિપ્રાય છોડીને નિમિત્તના સંબંધથી, રાગના સંબંધથી, પુણ્યના સંબંધથી મને ધર્મનો લાભ થશે એવા અભિપ્રાયને મિથ્યા અભિનિવેશ કહે છે કે જેનાથી જીવ કર્મથી બંધાય છે.

ભગવાન આત્મા એકલો ચૈતન્ય જ્ઞાનસૂર્ય સ્વભાવી છે તેમાં મારાપણું ન કરતાં મિથ્યાદૃષ્ટિ શરીર, વિકલ્પ અને રાગાદિમાં મારાપણું કરે છે તેને ભગવાન મિથ્યા અભિપ્રાય કહે છે. જેના અભિપ્રાયમાં આવું મિથ્યાત્વ પડ્યું છે તે જીવને કર્મોનો બંધ થાય છે. જ્ઞાયકસ્વભાવ તે હું એમ નહિ માનતા પોતાનો આરોપ રાગની મંદતા આદિ વિકલ્પમાં કરે છે તે બંધાય છે અને તેનાથી છૂટી જે પોતાના જ્ઞાયકસ્વભાવને સ્વીકારીને તેમાં લીન થાય છે તે બંધનથી મુક્ત થઈ મોક્ષમાં જાય છે.

## રાગમાં એકત્વ બંધનું મૂળ, રાગથી ભિન્નત્વ મુક્તિનું મૂળ

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત ઈષ્ટ ઉપદેશનો ૨૬મો શ્લોક ચાલે છે. જે જીવ પોતાના જ્ઞાનાનંદ નિર્મમ શુદ્ધ ચૈતન્યસ્વભાવને છોડીને શુભાશુભ રાગાદિ વિકલ્પમાં મારાપણાનો મિથ્યા અભિપ્રાય-વિપરીત અભિનિવેશ કરે છે તે જીવ આઠ કર્મોથી બંધાય છે. રાગાદિ વિકલ્પ "તે હું" અને "તે મારા" એવો જે મિથ્યા અભિપ્રાય છે તે જ કર્મ બંધનનું કારણ છે. અને શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ તે હું અને રાગાદિ તે મારા નહિ એવો જે સમ્યક્ અભિપ્રાય તે કર્મબંધનથી મુક્ત થવાનું કારણ છે. અહીં આચાર્યદેવે ટૂંકામાં બંધ-મોક્ષનું સ્વરૂપ દીધું છે.

શુભ-અશુભભાવ થાય છે તે મારા છે અને હું તેનો છું એવી માન્યતા તે મિથ્યાદર્શન શલ્ય છે અને આ શલ્ય જ આઠ કર્મના મહાબંધનું કારણ છે. આ વિષયમાં શ્રી અમૃતચંદ્ર આચાર્યનો સમયસાર કળશ ૧૬૪નો આધાર આપ્યો છે કે કર્મબંધનું કારણ આખા લોકમાં ભરેલા કર્મ થવા યોગ્ય પુદ્ગલો નથી, તેમ જ મન-વચન-કાયાની ક્રિયારૂપ યોગ કે ઈન્દ્રિયો જડ-ચેતનનો ઘાત થાય તે પણ આત્માને બંધનું કારણ નથી, કોઈ જીવ મરે કે જડના ટુકડા થાય તે આત્માને બંધનું કારણ નથી. આત્માને બંધનું

જ્યમ શિલ્પી કરણ ગ્રહે પરંતુ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કરણો ગ્રહે પણ તે નહીં તન્મય બને. ૩૫૧.

કારણ તો એકમાત્ર રાગ સાથે એકતા માનવી તે જ છે.

ચૈતન્ય ભગવાન જાનન-દેખન સ્વભાવી છે. એ જાનન-દેખન સ્વભાવની સત્તામાં-ભૂમિકામાં જે શુભરાગ ઊઠે છે કે અશુભરાગ ઊઠે, તેનું ઉપયોગ સાથે ઐક્યપણું કરવું તે જ મિથ્યાદર્શન છે અને તેનાથી જ કર્મબંધ થાય છે.

લોકોને વસ્તુસ્વરૂપ શું છે—અંતરવસ્તુ શું છે અને પરવસ્તુ શું છે તે બેનો વિવેક નથી એટલે ઐક્ય માને છે તેથી કર્મબંધ થાય છે, પણ એ બેના વિવેકમાં જ આખો વીતરાગમાર્ગ સમાઈ જાય છે. તેની લોકોને ખબર નથી.

વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકીનાથ જગતમાં છ દ્રવ્ય છે એમ કહે છે. છ દ્રવ્ય જાતિએ છે પણ સંખ્યાએ તો અનંત દ્રવ્ય છે. તેમાં કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે એમ ત્રણકાળમાં કદી બને એ પ્રશ્ન તો અહીં નથી. પણ અહીં તો દયા, અહિંસા, સત્ય આદિના જે શુભભાવ આવે તેમાં જે લાભ માને છે તે પોતાના શુદ્ધસ્વભાવને અને શુભ-ભાવને એક જ માને છે, તે જ અજ્ઞાનીનો મિથ્યા અભિપ્રાય છે અને તે બંધનું કારણ છે.

બીજી રીતે કહીએ તો, એ પુણ્ય એટલે આસ્રવ તત્ત્વની સત્તા જ્ઞાયકસ્વભાવમાં નથી. ભગવાન આત્મા જ્ઞાન-દર્શનસ્વભાવી અવિકારી, અરૂપી, વીતરાગી, નિર્વિકાર આનંદ મૂર્તિ છે, તેમાં જે દયા-દાનાદિ રાગની પર્યાય થાય છે તે પર્યાય પરની દયા પાળવા પરદ્રવ્યમાં જતી નથી તો એ પર્યાય પરની દયા ક્યાંથી પાળે ? પરદ્રવ્યમાં કાંઈ ફેરફાર કરી શકે એવો રાગનો સ્વભાવ જ નથી. આ રાગ પરદ્રવ્યની સત્તામાં નથી માટે જીવ તેની દયા પાળી શકતો નથી. તેમજ આ રાગ ચૈતન્યની સત્તામાં પણ નથી તેથી રાગ આત્માને પણ લાભ કરી શકતો નથી.

એક તત્ત્વનું બીજા તત્ત્વ સાથે જોડાણ કરી દેવું, ઐક્ય માનવું તે મિથ્યાત્વ છે. 'ઉપયોગ ભૂ' એટલે ઉપયોગરૂપી-જમીન-સત્તા અનંત અનંત જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવની સત્તાવાળી વસ્તુમાં રાગાદિનું ઐક્ય માનવું એટલે કે ''રાગાદિ તે હું'' અને ''તે મારા'' એવો જે વિપરીત અભિનિવેશ કરે છે તે મિથ્યાત્વ છે અને તે મિથ્યાત્વભાવ કર્મબંધનમાં નિમિત્ત થાય છે.


ભગવાન આત્મા કર્મથી બંધાયેલો નથી પણ રાગાદિભાવના બંધનથી પણ

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)

**શિલ્પી કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને. ૩૫૨.**




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(બીજી ઢાળ ગાથા-૬)

## બંધ અને સંવરની ઓળખાણમાં ભૂલ

મિથ્યાત્વને લીધે તત્ત્વની વિપરીત શ્રદ્ધા કરીને દુઃખ ભોગવતો જીવ ચાર ગતિમાં ભ્રમણ કરી રહ્યો છે; તત્ત્વની શ્રદ્ધામાં તેની શું ભૂલ છે અને સાચું તત્ત્વસ્વરૂપ શું છે–તે બતાવીને તેની ભૂલ છોડાવે છે. જીવ, અજીવ અને આસ્રવતત્ત્વ સંબંધમાં જીવની શું ભૂલ છે તે બતાવ્યું; હવે બંધ અને સંવરતત્ત્વ સંબંધમાં શું ભૂલ છે–તે બતાવે છે :—

शुभ अशुभ बंधके फल मंझार, रति-अरति करै निजपद विसार।
आतमहितहेतु विराग-ज्ञान, ते लखैं आपकुं कष्टदान ।।६।।

પોતાનું જે ચેતનરૂપ નિજપદ છે તેને ભૂલીને અજ્ઞાની જીવ શુભ તે સારું ને અશુભ તે ખરાબ–એમ માને છે; અને તે શુભ–અશુભ બંધના ફળમાં રાગ–દ્વેષ કરે છે; પોતાનું સ્વરૂપ શુભ–અશુભ બંને બંધન વગરનું છે તેને તે ઓળખતો નથી, ને બંધભાવને પોતાનું સ્વરૂપ માને છે—આ બંધતત્ત્વની ભૂલ છે.

વળી આત્માના હિતનાં કારણ એવાં જે વીતરાગતા અને સમ્યગ્જ્ઞાન, તેને તે કષ્ટદાયક માને છે. સમ્યગ્જ્ઞાનની સાથે સમ્યગ્દર્શન પણ હોય જ; એટલે સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન અને રાગ વગરનુ ચારિત્ર–આવા સંવરભાવ આત્માને પરમ સુખ દેનાર છે, પણ અજ્ઞાનીને તેમાં કષ્ટ લાગે છે, એટલે સંવરતત્ત્વને પણ ઓળખતો નથી.

ચેતનરૂપ નિજપદને ભૂલેલો અજ્ઞાની શું કરે છે? તેની વાત છે. આત્મા પોતે ચૈતન્યનિધાન આનંદનો સમુદ્ર છે, તેની સામે જોતાં સમભાવી આનંદ ઝરે છે, તેને ભૂલીને અજ્ઞાની પુણ્ય–પાપને સેવી રહ્યો છે. શુભ અને અશુભ બંને ભાવો બંધનાં જ કારણ છે, છતાં અજ્ઞાની શુભને બંધરૂપ નથી જાણતો ને તેને મોક્ષનું કારણ માનીને સેવે છે. સમ્યગ્દર્શન કે જે પરમ આનંદરૂપ અને મોક્ષનું કારણ છે તેની કિંમત તેને નથી ભાસતી ને શુભરાગની મહત્તા ભાસે છે, તેથી તે રાગના ફળમાં જ રચ્યોપચ્યો રહે છે;

—એ રીત મત વ્યવહારનો સંક્ષેપથી વક્તવ્ય છે;
સાંભળ વચન નિશ્ચય તણું પરિણામવિષયક જેહ છે. ૩૫૩.

વીતરાગી જ્ઞાનના અનુભવમાં જે આનંદ છે તેની તેને ખબર નથી.

શુભના ફળમાં મને સુખ, ને અશુભના ફળમાં મને દુઃખ, અનુકૂળતા આવતાં હું સુખી થઈ ગયો ને પ્રતિકૂળતા આવતાં હું દુઃખી થઈ ગયો—એમ અજ્ઞાની શુભ-અશુભમાં તફાવત દેખે છે, પણ તે તો બંને દુઃખરૂપ ને બંધનરૂપ છે, પોતાનું સાચું સ્વરૂપ એ બંનેથી પાર છે—તેને તે ઓળખતો નથી. ચેતનભાવ ને બંધભાવ બંનેની જાત જ જુદી છે. જ્ઞાનવૈરાગ્યરૂપ અબંધભાવ તે જ સુખ છે, જેટલા બંધભાવ તે બધાય દુઃખ જ છે.

સંવરધર્મ કહો કે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર કહો કે વિરાગ-જ્ઞાન વીતરાગ-વિજ્ઞાન કહો, તે અબંધભાવ છે, તે આત્માને મહા આનંદરૂપ છે, હિતરૂપ છે; તેને બદલે અજ્ઞાની દેહના કષ્ટને ચારિત્ર માને છે. ભાઈ, ચારિત્રમાં કષ્ટ નથી, એ તો મહા આનંદરૂપ જગત્પૂજ્ય પદ છે. ચારિત્ર કાંઈ દેહની દશામાં નથી, ચારિત્ર કાંઈ રાગમાં નથી, ચારિત્ર તે તો ચેતનમાં રમણતા છે, તેમાં દુઃખ કેવું ?

અરે, અજ્ઞાનીને બધા તત્ત્વોમાં ભૂલ છે. બંધનમાં સુખ માને, સંવરમાં દુઃખ માને, અજીવને જીવનું માને, જીવને દેહરૂપ માને—એમ અત્યંત વિપરીતતા છે; ને આ વિપરીતબુદ્ધિ મહા દુઃખરૂપ છે. તેનાથી છૂટવા માટે આ ઉપદેશ છે.

ભગવાને આઠે કર્મનાં ફળને વિષવૃક્ષનાં ફળ કહ્યાં છે; તેમાં એક્કેય શુભને બાકી નથી રાખ્યું. ચૈતન્યરૂપ આત્મા અમૃતની વેલડી છે, તેના અનુભવમાં આનંદનાં ફળ આવે છે, ને તેનાથી વિરુદ્ધ શુભ—અશુભ બધા ભાવોનું ફળ વિષરૂપ છે. જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે, તેને આત્માની રુચિ નથી. પ્રભો! તું મુક્તસ્વરૂપ આત્મા, બંધન વગરનો,—અને તું બંધનનો પ્રેમ કરીને તેમાં રોકાણો—એ તો દુઃખ છે. બંધનમાં અમુક બંધન સારૂં અને અમુક બંધન ખરાબ—એવા બે ભેદ નથી, એક્કેય બંધન સારૂં નથી; બંધન વગરની મુક્તિ તે જ સારી છે, તેમાં જ સુખ છે.

પ્રશ્ન :—શુભના ફળમાં તો ધર્મના નિમિત્તની સામગ્રી મળે, માટે તે સારૂં કેમ ન કહેવાય?

ઉત્તર :—ધર્મની દુર્લભતા બતાવવી હોય ત્યાં નિમિત્તથી એમ કહેવાય, પણ ખરેખર તે શુભ નિમિત્તો પણ આત્માથી જુદાં છે, આત્માથી બહાર છે; તે સંયોગ સામે જોયા કરે તો આત્માને ધર્મનો લાભ ન થાય; સંયોગથી ભિન્ન નિજ સ્વરૂપને નીહાળે

> **શિલ્પી કરે ચેષ્ટા અને તેનાથી તેહ અનન્ય છે,**
> **ત્યમ જીવ કર્મ કરે અને તેનાથી તેહ અનન્ય છે. ૩૫૪.**

ત્યારે જ સુખ થાય ને ધર્મ થાય. શુભ પણ મારા જ્ઞાનથી ભિન્ન છે—એમ જાણ્યા વગર અંતર્મુખ થશે ક્યાંથી? અરે, જે પોતાનો સ્વભાવ નહિ, જે પોતાના મોક્ષને રોકનાર, એવા શુભરાગમાં ઉત્સાહ શો? ધર્મીને ચૈતન્યના અનુભવનો ઉત્સાહ છે, રાગનો કે પુણ્યનો ઉત્સાહ નથી. કોઈ કહે 'તમને ઊંચા પુણ્ય બંધાયા.' તો જ્ઞાની કહે છે કે અરે, અમે ચૈતન્ય, તેમાં વળી બંધન શા! બંધન વડે અમારી શોભા નથી પણ શરમ છે. બંધનભાવમાં અમે નથી, તેમાં અમને હોંશ નથી, વીતરાગી જ્ઞાનરૂપ અબંધભાવમાં અમે છીએ, તેમાં અમારો ઉત્સાહ ને પ્રેમ છે.

ભાઈ, તારું હિત ચાહતો હો તો એકવાર તું આવી ઓળખાણ કર. બીજું બધું ભૂલી જા ને તારા નિજ સ્વરૂપને ઓળખ. શુભ—પુણ્ય સારૂં ને અશુભ—પાપ ખરાબ, એટલે તેના ફળરૂપ અનુકૂળ સામગ્રીમાં સુખ ને પ્રતિકૂળ સામગ્રીમાં દુઃખ—એવી માન્યતાને લીધે બધે ઠેકાણે રાગ-દ્વેષ કરી કરીને અજ્ઞાની દુઃખી જ થાય છે; વીતરાગી-જ્ઞાનની શાંતિ તેને ક્યાંય મળતી નથી, કેમકે બંધ વગરના જ્ઞાનમય નિજપદને તે સેવતો નથી,—ઓળખતો પણ નથી. તે ઓળખાણ માટે આ ઉપદેશ છે.

અનુકૂળ સંયોગમાં જે સુખ માને, ને તેના કારણરૂપ શુભરાગમાં પણ સુખ માને, એટલે રાગ વગરના ચૈતન્યસુખને તે ક્યાંથી અનુભવે? સંયોગથી અને રાગથી ભિન્ન નિજપદને ભૂલ્યો તે મોટી ભૂલ છે. સંયોગમાં ને રાગમાં તને સુખ લાગે છે પણ તેમાં સુખ છે જ નહિ. અરે ભાઈ! સુખ તો રાગમાં હોય કે વીતરાગતામાં? વીતરાગતામાં તારું સુખ છે તેને તેં કદી જાણ્યું નહિ. રાગને અને પુણ્યબંધને સારો માન્યો તેમાં મોક્ષની શ્રદ્ધા ન રહી. જેને રાગની રુચિ છે તેને મોક્ષની શ્રદ્ધા જ નથી. મોક્ષ તો જ્ઞાનમય છે, કાંઈ રાગમય નથી. જ્ઞાનસ્વભાવની જેને શ્રદ્ધા નથી તેને મોક્ષની કે સાતે તત્ત્વની શ્રદ્ધામાં ભૂલ છે. પોતાનું હિત શેમાં છે એની તેને ખબર નથી, ને પોતાને દુઃખરૂપ બંધભાવો કેવા છે તેની પણ એને ખબર નથી. અહિતરૂપ એવા બંધભાવને (શુભરાગને) તે હિતરૂપ માનીને સેવે છે, અને પરમહિતરૂપ એવા વીતરાગી શ્રદ્ધા—જ્ઞાન—ચારિત્રને તે કષ્ટરૂપ સમજીને તેનાથી દૂર ભાગે છે. અરે, જીવો દુઃખને ચાહતા નથી પણ દુઃખનાં કારણરૂપ મિથ્યાભાવોને દિનરાત સેવે છે; જીવો સુખને ચાહે છે પણ તેના કારણરૂપ વીતરાગ-વિજ્ઞાનને ક્ષણ પણ સેવતા નથી. જો જીવાદિ નવતત્ત્વોનું સ્વરૂપ બરાબર ઓળખે તો પોતાને હિતરૂપ કોણ છે ને પોતાને અહિતરૂપ કોણ છે તે જાણે, અને

ચેષ્ટા કરંતો શિલ્પી જેમ દુખિત થાય નિરંતરે,
ને દુખથી તેહ અનન્ય, ત્યમ જીવ ચેષ્ટમાન દુખી બને. ૩૫૫.

અહિતકર ભાવોનું સેવન છોડીને હિતરૂપ એવા વીતરાગ-વિજ્ઞાનને સેવે. ભાઈ, ચાર ગતિમાં જે અનંત દુઃખો તેં ભોગવ્યાં તેનાથી છૂટવું હોય ને મોક્ષસુખ અનુભવવું હોય તો મિથ્યાશ્રદ્ધા છોડીને વીતરાગ-વિજ્ઞાનનું સેવન કર. અહા, દુઃખથી છૂટવાનું કોને ન ગમે? દુઃખથી છૂટવા માટેનો આ અવસર છે, તેમાં હે જીવ! તું પ્રમાદી ન થઈશ.

મોહમાં ઊંઘતા જીવોને જગાડીને સંતો તેનું નિજપદ દેખાડે છે. રાગ તે તારું નિજપદ નથી, તારું નિજપદ તો ચૈતન્યમય છે. આવા નિજપદને વિસરીને પુણ્યમાં પ્રીતિ તું ન કર. શુભરાગની પ્રીતિથી તો સંસાર મળે છે, તો જેની પ્રીતિથી સંસાર મળે તેને સારૂં કેમ કહેવાય? જે જીવ પુણ્યને ઈચ્છે છે તેને તો પરમાર્થથી બાહ્ય કહ્યો છે—

“પરમાર્થબાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,
અજ્ઞાનથી તે પુણ્ય ઈચ્છે હેતુ જે સંસારનો. (૧૫૪)”

પ્રશ્ન :—ધર્મીને પુણ્ય ન હોય?

ઉત્તર :—પુણ્ય હો ભલે, પણ ધર્મી તો સર્વપ્રસંગમાં પોતાને જ્ઞાતાદૃષ્ટાસ્વરૂપે જાણે છે, તે ક્ષણ માત્ર પણ નિજપદને વિસારતા નથી; પુણ્ય પુણ્યમાં, ને નિજપદ નિજપદમાં, એમ બંનેની ભિન્નતા છે. ગમે તેવા પ્રસંગે પણ ધર્મી જાણે છે કે હું તો જ્ઞાન-દર્શનમય છું, તે જ મારું નિજપદ છે. નિજપદને સંભાળતો ચૈતન્ય જાગ્યો ત્યાં બહારના કોઈ સંયોગ તેને ક્યાં નડે છે? ચૈતન્યનું જે ભાન થયું તે શુભ કે અશુભ વખતેય ખસતું નથી, નિજપદને ભૂલીને પર પદ પોતાનું ભાસતું નથી.

શુભ–અશુભથી રહિત, પુણ્ય–પાપથી રહિત, પોતાના ચૈતન્યપદનું ભાન તો સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને પણ હોય છે, પણ ગૃહસ્થને તેમાં વિશેષ લીનતા થતી નથી. મુનિઓને ચૈતન્યના ભાન ઉપરાંત ઘણી લીનતા હોય છે, એ તો ઘણા આનંદમાં ઝુલતા હોય છે,—પંચમહાવ્રત, નગ્નતા વગેરે ૨૮ મૂળગુણના પાલનમાં તેમને કષ્ટ નથી પણ વીતરાગભાવથી તેઓ મહા સુખી છે, ચક્રવર્તી રાજા કે ઈન્દ્ર કરતાં પણ મુનિવરો ઘણા જ સુખી છે...જ્ઞાન વૈરાગ્યની ઉગ્રતાને લીધે ઘણો સંવર છે ને ઘણું સુખ છે; પણ અજ્ઞાની, બહારની સગવડને જોનારો એમ માને છે કે મુનિઓ કષ્ટ સહન કરે છે, ચારિત્રદશામાં કષ્ટ જુએ છે. જુઓ, મહા આનંદરૂપ મુનિદશા—ને અજ્ઞાનીને કષ્ટરૂપ લાગે છે. નિજઘરનો આનંદ એણે કદી દેખ્યો નથી, એણે તો શરીરને અને રાગને દેખ્યા છે. દેહથી ને રાગથી પાર પોતાનું નિજપદ છે, તે નિજપદનો નિર્ધાર જીવે કદી કર્યો નથી.

(ક્રમશઃ)



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

અરે જીવો! ઠરી જાઓ.... ઉપશમરસમાં ડૂબી જાઓ!—એમ જાણે કે ભગવાનની પ્રતિમા ઉપદેશતી હોય! માટે સ્થાપના પણ પરમપૂજ્ય છે. ત્રણ લોકમાં શાશ્વત વીતરાગમુદ્રિત જિનપ્રતિમા છે. જેમ લોક અનાદિ અકૃત્રિમ છે, લોકમાં સર્વજ્ઞ પણ અનાદિથી છે, તેમ લોકમાં સર્વજ્ઞની વીતરાગપ્રતિમા પણ અનાદિથી અકૃત્રિમ શાશ્વત છે. જેણે આવા પ્રતિમાજીની સ્થાપનાને ઊડાડી છે તે ધર્મને સમજ્યા નથી. ધર્મી જીવને પણ ભગવાનના જિનબિંબ પ્રત્યે ભક્તિનો ભાવ આવે છે—એ પ્રમાણે સ્થાપનાનિક્ષેપની વાત કરી. હવે દ્રવ્યનિક્ષેપની વાત કરે છે.

જે જીવ ભવિષ્યમાં તીર્થંકર થવાનો છે તે જીવ દ્રવ્યનિક્ષેપથી તીર્થંકરની જેમ પૂજ્ય છે. હજી તીર્થંકર થયા નથી પણ ભવિષ્યમાં થવાના છે—તે પણ દ્રવ્યનિક્ષેપથી પૂજ્ય છે. અથવા બીજી રીતે દ્રવ્યનિક્ષેપ છે આ પ્રમાણે પણ છે કે ત્રણ કલ્યાણક સુધી તીર્થંકરનો આત્મા દ્રવ્યજિન છે. તે દ્રવ્યનિક્ષેપે પૂજ્ય છે. ગર્ભ, જન્મ અને તપકલ્યાણક સુધી ભગવાનનો આત્મા દ્રવ્યજિન છે, તે પણ પૂજ્ય છે. ભગવાનનો જન્મ થાય ત્યાં ઈન્દ્ર આવીને પૂજે ને ભક્તિ કરે.

હવે ભાવજિનની વાત કરે છે :—ભાવજિન એટલે જેને આત્માની ભક્તિ ખીલીને કેવળજ્ઞાન થઈ ગયું છે ને દિવ્યધ્વનિ વડે ઉપદેશ આપીને ભવ્ય જીવોને તારે છે. અહો! જ્ઞાનની કળા એવી છે કે મતિજ્ઞાનકળામાં કેવળજ્ઞાનનો નિર્ણય આવી જાય છે. અનંતચતુષ્ટય સહિત અરિહંત પરમાત્મા સમવસરણમાં બિરાજતા હોય છે ને દિવ્યધ્વનિમાં સાક્ષાત્ મોક્ષમાર્ગની વર્ષા કરે છે—તું ચિદાનંદઘન અનંત ગુણનો સાગર છો, તું ભગવાન છો, તું પરમાત્મા છો, તારા દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં પ્રભુત્વ આવ્યું છે, તેને જાણીને તેમાં ઠર! આમ દિવ્યધ્વનિમાં સાક્ષાત્ મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે. જુઓ, સાક્ષાત્ મોક્ષમાર્ગના ઉપદેશની વાત કરી. એટલે ભગવાને સ્વભાવની સન્મુખતારૂપ વીતરાગભાવને જ મોક્ષમાર્ગ કહ્યો છે. વચ્ચે રાગ આવે તે મોક્ષમાર્ગ નથી.

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; ૩૫૬.

તું વ્યવહારની ને નિમિત્તની ઉપેક્ષા કરીને સ્વભાવની સન્મુખ જા. આમ સ્વસન્મુખતાનો ઉપદેશ ભગવાનની વાણીમાં આવ્યો છે. भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो પોતાના ભૂતાર્થ સ્વભાવના આશ્રયે જ જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. એ સિવાય વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નથી. સ્વભાવની સન્મુખતાની શાંતિ વડે કષાયની અગ્નિ બુઝાય છે. વર્ષામાં અગ્નિ ઠરી જાય. તેમ ભગવાને સ્વસન્મુખી મોક્ષમાર્ગની વર્ષા કરી. તે જ સંસારનો દાવાનળ ઓલવવાનું સાધન છે. અંતરસ્વભાવની સન્મુખતા થતાં શાંતિરૂપી જળની વર્ષા વડે અનાદિના સંસાર દાવાનળનો નાશ થાય છે.

જુઓ, આ પ્રમાણે સર્વજ્ઞની ઓળખાણ કરાવી. રાગથી કે પરના અવલંબનથી જે ધર્મ મનાવે તે ભગવાનનો ઉપદેશ નથી.

હવે સિદ્ધદેવનું વર્ણન કરે છે.

સિદ્ધ નિરાકાર પરમાત્મા છે. તેમને શરીરનો આકાર નથી, પણ અસંખ્યપ્રદેશી આકાર છે. અરિહંતદેવને ચાર પ્રતિજીવી ગુણ વ્યક્ત નથી પણ જ્ઞાનમાં વ્યક્ત છે—એમ કહ્યું હતું. અહીં કહે છે કે સિદ્ધને અનંતગુણ વ્યક્ત થયા, પોતાના અનંતસુખને પર્યાય વડે વેદે છે. અનંતગુણનો પૂર્ણ વિકાસ થયો તે સહિત પોતાના દ્રવ્ય-ગુણને ભોગવે છે. ભોગવે છે તો પર્યાયને, કેમકે દ્રવ્ય-ગુણ તો ધ્રુવ-ત્રિકાળ છે. તે ભોગવાય નહિ, પણ જ્ઞાનના એક પર્યાયમાં પૂર્ણસ્વરૂપ જણાઈ ગયેલ છે. વળી તેઓ લોકશિખર ઉપર બિરાજે છે. હળવી ચીજ ઉપર રહે, તેમ આત્માની પૂર્ણાનંદ દશા વ્યક્ત થઈ સર્વશ્રેષ્ઠ થયા તે લોકાગ્રે રહે છે.

ષટ્ગુણ હાનિ-વૃદ્ધિરૂપ શુદ્ધ અર્થપર્યાય છે અને છેલ્લા શરીરથી કિંચિત્ ન્યૂન પુરુષાકારે આત્મપ્રદેશોનો આકાર તે-રૂપ વ્યંજનપર્યાય સહિત સિદ્ધ ભગવાન બિરાજે છે. જેમ ચોકઠામાં મીણ ભર્યું હોય, પછી ચોકઠું નીકળી ગયે મીણ પુરુષાકાર રહી જાય તેમ શરીરરહિત અતીન્દ્રિય જ્ઞાનમય પુરુષાકારે સિદ્ધ ભગવાન રહે છે.

શ્રી પ્રવચનસારમાં કહ્યું છે કે :—

“જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.”

જે આત્મા સ્વભાવસન્મુખ થઈ શ્રી અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે તે નિશ્ચયથી પોતાના આત્માને જાણે છે ને તેને દર્શન-મોહનો ક્ષય થાય છે.

શ્રી અર્હંત-સિદ્ધદેવનું સ્વરૂપ બરાબર જાણે તેને સ્વરૂપમાં ભ્રાંતિ રહે નહિ, માટે દેવનું સ્વરૂપ કહ્યું. (ક્રમશઃ) ❊

# વિકલ્પ રાખીને સ્વરૂપનો અનુભવ થઈ શકે નહિ.

અખંડાનંદ અભેદ આત્માનું લક્ષ નયદ્વારા થતું નથી. કોઈ મહેલમાં જવા માટે મોટર ગમે તેવી દોડાવે, પણ તે મહેલના બારણાં સુધી આવી શકે, મોટર સહિત મહેલમાં પેસી શકાય નહિ, ગમે ત્યાં સુધી આગળ લઈ જાય પણ છેવટે તો મોટરમાંથી ઊતરીને જાતે અંદર જવું પડે; તેવી રીતે નયપક્ષના વિકલ્પોરૂપી મોટર ગમે તેટલી દોડાવે, 'હું જ્ઞાયક છું, અભેદ છું, શુદ્ધ છું'—એવા વિકલ્પ કરે તોપણ તે વિકલ્પ સ્વરૂપના આંગણાં સુધી લઈ જવાય, પરંતુ સ્વરૂપના અનુભવ વખતે તો તે બધા વિકલ્પ છોડી જ દેવા પડે. વિકલ્પ રાખીને સ્વરૂપનો અનુભવ થઈ શકે નહિ. નયપક્ષોનું જ્ઞાન તે સ્વરૂપના આંગણે આવવા માટે જરૂરનું છે. "હું સ્વાધીન જ્ઞાનસ્વરૂપી આત્મા છું, કર્મો જડ છે, જડ કર્મો મારા સ્વરૂપને રોકી શકે નહિ, હું વિકાર કરું તો કર્મોને નિમિત્ત કહેવાય, પણ કર્મો મને વિકાર કરાવે નહિ કેમકે બંને દ્રવ્યો જુદાં છે, તે કોઈ એકબીજાનું કરી શકે નહિ. હું જડનું કાંઈ ન કરું જડ મારું કાંઈ ન કરે, રાગ–દ્વેષ થાય તે કર્મ કરાવતું નથી તેમ જ પરવસ્તુમાં થતા નથી પણ મારી અવસ્થામાં થાય છે, તે રાગદ્વેષ મારો સ્વભાવ નથી, નિશ્ચયથી મારો સ્વભાવ રાગરહિત જ્ઞાનસ્વરૂપ છે." આ પ્રમાણે બધાં પડખાંનું (નયોનું) જ્ઞાન પહેલાં કરવું જોઈએ, પરંતુ આટલું કરે ત્યાં સુધી પણ ભેદનું લક્ષ છે, ભેદના લક્ષથી અભેદ આત્મસ્વરૂપનો અનુભવ થતો નથી, છતાં પહેલાં તે ભેદ જાણવા જોઈએ. એટલું જાણે ત્યારે તે સ્વરૂપના આંગણાં સુધી આવ્યો છે. પછી જ્યારે અભેદનું લક્ષ કરે ત્યારે ભેદનું લક્ષ છૂટી જાય અને સ્વરૂપનું અનુભવન થાય એટલે કે અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટે. આ રીતે જોકે સ્વરૂપમાં ઢળતાં પહેલાં નયપક્ષના વિચારો હોય છે ખરા, પરંતુ તે નયપક્ષના કોઈ પણ વિચારો સ્વરૂપના અનુભવમાં મદદગાર નથી.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—બધા શાસ્ત્રોનો સાર સ્વસન્મુખ થવાનું કહે છે તો બધા શાસ્ત્રો વાંચવાની શું જરૂર છે? સ્વસન્મુખ થવાનો જ પ્રયત્ન કરીએ?**

ઉત્તર :—સ્વસન્મુખ થવાનો જ પ્રયત્ન કરવાનો છે પણ સ્વસન્મુખ ન થવાતું હોય ને અનેક પ્રકારથી અટકવાના શલ્ય પડ્યા હોય ત્યારે શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ આવે છે, આવ્યા વિના રહેતો નથી અને શાસ્ત્ર પણ સ્વસન્મુખ થવાનું જ કહે છે.

**પ્રશ્ન :—બુદ્ધિપૂર્વક તત્ત્વનો અભ્યાસ કરવા છતાં કોઈને સમ્યગ્દર્શન થાય છે ને કોઈને ન પણ થાય તેનું શું કારણ?**

ઉત્તર :—જે જીવ તત્ત્વ નિર્ણયનો યથાર્થ પુરુષાર્થ કરે છે તેને તો સમ્યગ્દર્શન થાય જ છે પણ જે જીવ તત્ત્વનો અભ્યાસ કરવા છતાં કોઈને કોઈ ઠેકાણે અટકી જાય છે તો તેને સમ્યગ્દર્શન થતું નથી. શાસ્ત્રાનુસાર અભ્યાસ તો કરી લ્યે પણ અટકવાના અનેક પ્રકાર છે તેમાંથી કોઈ ઠેકાણે અટકી જાય તો તેને સમ્યગ્દર્શન થતું નથી. ચડવાનો એક જ પ્રકાર છે. જે સાચો પ્રયત્ન રુચિપૂર્વક કરે છે તેને મોળું–ઢીલું પડવાની વાત જ નથી. તેનું જોર એવું હોય કે તેને સમ્યગ્દર્શન થાય જ. એક વાત આવે છે કે એક વખત ઘણા વહાણ સમુદ્રમાં બુડી ગયા ને એક વહાણ બચી ગયું ત્યારે કોઈ પુણ્યવાને કહ્યું કે જે વહાણ બચી ગયું તે મારું જ છે, મારું વહાણ બુડે નહિ. એમ જે તરવાવાળા જીવો છે તેમાં હું જ છું એમ એને પોતાને અંદરથી લાગે.

**પ્રશ્ન :—તત્ત્વનો નિર્ણય કરવામાં કેટલા વર્ષ કાઢવા?**

ઉત્તર :—કાર્ય થઈ જાય તો અંતર્મુહૂર્તમાં થાય અને નહીં તો જાવજીવ (-આજીવન) એ નિર્ણય કરવામાં કાળ જાય. આમાં કાળનો પ્રશ્ન જ ક્યાં છે? જેટલું વીર્ય ઉલ્ટામાં રોક્યું છે તેને ગુલાંટ મારીને આ તરફ વાળે તો કાર્ય થયા વિના રહે જ નહિ. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ આપતો નથી ત્યાં સુધી કાર્ય આવતું નથી.

**પ્રશ્ન :—જે શાસ્ત્રોનાં જાણનાર છે, તેની તો મુક્તિ થશે?**

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; ૩૫૭.**

ઉત્તર :—જે જીવ આત્મજ્ઞાનથી શૂન્ય છે, વીતરાગીજ્ઞાન રહિત છે, તે જીવને બાહ્ય પદાર્થોથી કાંઈ જ સિદ્ધિ થતી નથી. શાસ્ત્રજ્ઞાન પણ કાંઈ કામનું નથી. સ્વસંવેદનજ્ઞાનથી રહિત વ્રત-તપ આદિ જીવને શીઘ્ર દુઃખનું કારણ થાય છે. આનંદસહિતનું જ્ઞાન એ જ નિજ આત્મજ્ઞાન છે ને તે જ જ્ઞાન વર્તમાન સુખનું કારણ છે ને મોક્ષની સિદ્ધિનું કારણ છે. શાસ્ત્રજ્ઞાન-વ્રત-તપ આદિના જે શુભ વિકલ્પો છે તે વિકલ્પો તે જ ક્ષણે દુઃખરૂપ છે ને ભાવી દુઃખનું કારણ છે. સ્વસંવેદનજ્ઞાન છે તે વર્તમાન સુખરૂપ છે ને ભાવી સુખનું કારણ છે, તેથી સ્વસંવેદનજ્ઞાનનો જ મહિમા છે.

**પ્રશ્ન :—શાસ્ત્ર દ્વારા આત્માનું જ્ઞાન થાય છે ને?**

ઉત્તર :—શાસ્ત્ર દ્વારા આત્માનું જ્ઞાન થતું નથી, વેદથી ને દિવ્યધ્વનિથી પણ આત્મા જણાતો નથી તેમ પરમાત્મપ્રકાશમાં કહ્યું છે ને! આત્મા પોતાથી જ પોતા દ્વારા જણાય છે ત્યારે શાસ્ત્રને નિમિત્ત કહેવાય છે. પ્રવચનસારમાં આવે છે કે આત્માના લક્ષે શાસ્ત્રાભ્યાસ કરજે, ત્યાં નિમિત્ત બતાવવું છે. અહીં તો કહે છે કે નિમિત્ત એવું શાસ્ત્રજ્ઞાન છે તે દુઃખનું કારણ –છે ને નિજઆત્મજ્ઞાન છે તે એક જ સુખનું કારણ છે.

**પ્રશ્ન :—શાસ્ત્ર ભણવાથી આત્માની સન્મુખતા તો કહેવાય ને?**

ઉત્તર :—આત્મામાં જવાનો પ્રયત્ન કરતો હોય તો આત્માની સન્મુખતા કહેવાય. શાસ્ત્રના જાણપણામાં રોકાઈ રહે અને અંતર નિર્વિકલ્પમાં જવાનો પ્રયત્ન કરતો નથી તો તે આત્મસન્મુખ પણ કહેવાતો નથી.

**પ્રશ્ન :—એક બાજુ કહો છો કે શાસ્ત્રો ભણવા જોઈએ ને બીજી બાજુ કહો છો કે શાસ્ત્ર ભણવામાં રોકાઈ જાય તોપણ આત્મા જણાતો નથી.**

ઉત્તર :—જે વેપાર આદિના અશુભમાં જ રોકાઈ ગયો છે અને આત્મજ્ઞાન થવાનું નિમિત્ત એવા શાસ્ત્રાભ્યાસના પણ જેને ઠેકાણાં નથી તેને કહે છે કે ભાઈ! તું શાસ્ત્ર અભ્યાસ કર. પણ જે એકલા શાસ્ત્રાભ્યાસમાં જ રોકાઈ જાય ને આત્માની સન્મુખ થવાનો પ્રયત્ન કરતો નથી તેને કહે છે કે ભાઈ! શાસ્ત્ર ભણવાનો ગુણ તો અંતરમુખ થઈને અનુભવ કરવો તે છે, તે નિર્વિકલ્પ અનુભવનો પ્રયત્ન કરતો નથી તો શાસ્ત્ર ભણવાનો હેતુ જે આત્મજ્ઞાન છે તે પ્રગટ કર્યું નહિ તો તારા શાસ્ત્ર ભણતર પણ શા કામના? શાસ્ત્ર વાંચન શ્રવણમાં દ્રવ્યની સન્મુખ થવાની જોરદાર વાત વાંચતાં સાંભળતા તેને ધૂન ચડી જવી જોઈએ, તે ન થાય તો શું કામનું? (ક્રમશઃ) ❋

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા; ૩૫૮.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :*—સ્વભાવ પ્રાપ્તિ માટે આપ કહો છો એવું પૂરું કારણ શું આપી શકાતું નથી? એટલે શું કાર્ય થતું નથી?

**સમાધાન :**—કારણ આપતો નથી તો કાર્ય આવે ક્યાંથી? જે જાતનો સ્વભાવ છે તે રૂપે પોતે પરિણમતો નથી. અંદરની શાંતિ જુદી હોય છે. ને બહારથી વિકલ્પ શાંત કરીને બેઠો છે એ તો શુભભાવની શાંતિ છે. શુભભાવનો આહ્લાદ છે. ક્યાંક તેનો રસ રોકાય છે તેને પ્રમાદ હોય છે તેથી કાર્ય આવતું નથી. બહારથી આટલું કર્યું, આટલા કલાક કર્યું. એમ તેમાં કલાકનું માપ ન હોય. કોઈ કહે ૧૫ મિનિટ આ કર્યું—૧૫ મિનિટ ધ્યાન કર્યું. છતાં કાર્ય થતું નથી. કારણ તે તો અંદરની તૈયારીથી થાય છે. અંદરનું સહજ જે ચાલતું હોય તેને આટલા કલાક કર્યું તેવા માપ ન હોય! અંદર જ્ઞાયકની સહજધારા ચાલે તેને કાળનું માપ ન હોય; સહજધારામાં પોતે જ આગળ જાય, બહારથી અમુક વિકલ્પ મંદ કર્યા હોય તો તેને શાંતિ જેવું લાગે તેમ નહિ પણ તેનું હૃદય અંદરથી ભેદાવું જોઈએ. અંદરથી તેને ક્યાંય રસ ન હોય, જ્ઞાયકને ઓળખવા માટે એટલી હદે ઉદાસીનતા અંતરમાંથી આવવી જોઈએ. બહારથી બધું છૂટી જાય એમ હોતું નથી. પણ કાર્ય ન થાય ત્યાં સુધી વાંચન કરે, મનન કરે, સ્વાધ્યાય કરે, ધ્યાન કરે પણ આટલું મેં કર્યું છતાં કેમ નથી થતું? એમ તેને ન થાય.

કાર્ય ન થવામાં પોતાનું કારણ છે તેમ જાણી, બહારમાં ક્યાં રસ છે તે અંદરમાં પોતે વિચારી જોવે.

*પ્રશ્ન :*—શેનો રસ છે તે પોતાને ખ્યાલમાં આવી જાય?

**સમાધાન :**—ખરો જિજ્ઞાસુ હોય તો ખ્યાલમાં આવે કે હું ક્યાં રોકાઉં છું. બાકી તો જેને એકલી ઉતાવળ કરવી છે કે મારે કરવું છે છતાં મને કેમ કાંઈ થતું નથી એમ ખોટી ઉતાવળથી કરવું હોય તો ખ્યાલમાં ન આવે.

જેને ખરી લાગી હોય કે મારે આત્માનું કરવું જ છે. હું ક્યાં જાઉં છું? ક્યાં રોકાઉં છું? તે ખરું પકડવું હોય તો પોતે પકડી શકે છે. પોતે એકાંતમાં જેટલીવાર બેઠો તો તે વખતે વિચારો કયા ચાલે છે, પરિણામ ક્યાં જાય છે, પોતે કેટલો ન્યારો રહે છે, જ્ઞાયકની કેટલી

ધારા ચાલે છે, કેટલી દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે, ને વિભાવોથી કેટલો છૂટો પડ્યો છે તે પોતે વિચારે તો ખબર પડે.

અમુક કલાક બેઠો એટલે કામ થઈ જાય એમ નથી. શરીર તો બેઠું રહે પણ તે વખતે પોતાને અંદર શું થાય છે તે જોવાનું રહે છે.

''અબ કયોં ન વિચારત હૈ મનસે, કછુ ઓર રહા ઉન સાધનસે.''

તે સાધનથી કાંઈક જુદું જ રહી જાય છે. અંતરની પરિણતિ અંદરથી કામ કરવી જોઈએ, છૂટી પડીને કામ કરવી જોઈએ. પણ પોતે એટલો ઊંડો ઊતરતો નથી, પોતાને ગ્રહણ કરતો નથી. પોતે પોતાને પ્રગટ કરવો છે તે જ્ઞાયકને ગ્રહણ કરે તો થાય ને! ભેદજ્ઞાનની ધારા ચાલે તો છૂટો પડે. ભેદજ્ઞાનની ધારા ચાલતી નથી તો કેવી રીતે છૂટો પડે? માત્ર વિકલ્પને શાંત કરવાથી કાંઈ છૂટો પડતો નથી. હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું એમ કર્યા કરે ને વિકલ્પ શાંત થાય એટલે શાંતિ-શાંતિ લાગે. પણ અંદર પરિણતિ પ્રગટ કરવાથી, અંદર ન્યારાપણું આવે તો સાચી શાંતિ થાય છે. હું જ્ઞાયક છું, મારામાં કાંઈ નથી—મારામાં કાંઈ નથી એમ કર્યા કરે તો પણ કાંઈ ન થાય. યથાર્થપણે જ્ઞાયકને ગ્રહણ કરે તો થાય. અનાદિથી એકત્વબુદ્ધિ થઈ રહી છે. બહારથી પુરુષાર્થ ઘણા કરે છે, પણ કરવાનું અંદર છે, તેનું હૃદય અંદરથી ભીંજાવું જોઈએ અને તત્ત્વને ગ્રહણ કરવાની અંદરથી તાલાવેલી કોઈ જુદી લાગવી જોઈએ!

મુમુક્ષુઃ—અંદરથી તાલાવેલી તો ઘણી લાગે છે.

બહેનશ્રીઃ—ઘણું લાગે પણ ઘણું નથી. વિકલ્પમાં થાય છે પણ અંદરથી થવું જોઈએ, તે થતું નથી, તેમ થાય તેને આકુળતા ન હોય; ધીરજ હોય, શાંતિ હોય. જ્ઞાયકને ગ્રહણ કરવો છે છતાં નથી થતું તે મારા પુરુષાર્થની ખામી છે, મારો દોષ છે, હું જ ક્યાંક રોકાઉં છું, એમ પોતાને લાગવું જોઈએ. બહારનું બધું કાંઈ છૂટી જતું નથી પણ મારે કાંઈ જોઈતું નથી, એવો અંદરથી જોરદાર પલટો આવવો જોઈએ. બસ, મારે કાંઈ જોઈતું નથી તેમ અંદરથી લાગવું જોઈએ. એટલો અંદરથી પલટો થવો જોઈએ. અંતરમાંથી એવો પલટો આવે કે બસ, એક આત્મા સિવાય કાંઈ જોઈતું નથી. આત્મા જ જોઈએ છે એટલી અંદરથી તાલાવેલી લાગવી જોઈએ. જો અંદરથી લાગે કે મને કોઈનો આશ્રય નથી, કોઈ પર સુખરૂપ નથી; તો એક આત્મા સિવાય બીજે ક્યાંય તેની દૃષ્ટિ અંદરથી ટકતી નથી. પછી ભલે કોઈને લાંબા કાળે કાર્ય થાય કે કોઈને અંતર્મુહૂર્તમાં થાય, પણ અંતરથી બધું છૂટી જવું જોઈએ કે બહારમાં એક રજકણથી માંડીને કોઈપણ પરદ્રવ્ય મારું નથી, એમ શ્રદ્ધામાં આવવું જોઈએ. (ક્રમશઃ) ❊

## બાળ વિભાગ

# પુણ્ય-પાપની વિચિત્રતા

(શ્રી મહાવીરસ્વામીના સમયમાં શ્રી જમ્બૂસ્વામીના પહેલા થયેલ કામદેવ પદવીના ધારક, તદ્દ્ભવ મોક્ષગામી શ્રી જીવંધરસ્વામીનું ચરિત્ર)

રાજપુરી નગરીના રાજા સત્યંધરે પોતાનું રાજ્ય મંત્રી કાષ્ઠાંગારને સોપી દઈ ભોગમાં લીન બન્યા. આ બાજુ મંત્રીને ખોટો વિચાર આવવાથી રાજાને બંદી બનાવવાનો આદેશ કર્યો. રાજાને આ વાતની જાણ થતા કેકીયંત્રમાં ગર્ભસ્થ રાણીને બેસાડી આકાશમાર્ગે રવાના કરી દીધી. કેકીયંત્રે રાણીને સ્મશાનભૂમિમાં પહોંચાડી દીધી જ્યાં જીવંધરનો જન્મ થયો. દૈવયોગે એક દેવી આવીને રાણીને આશ્વાસન આપે છે કે તમારા પુત્રનું લાલન-પાલન રાજકુમાર ઉચિત થશે. જીવંધરના પુણ્યયોગે તે જ સમયે ગંધોત્કટ શેઠ કે જે પોતાના મૃત પુત્રના અંતિમ સંસ્કાર માટે આવેલા અને અવધિજ્ઞાની મુનિના કથન અનુસાર તેમને જીવંધરની પ્રાપ્તિ થાય છે અને તેઓ ઘરે આવીને પુત્રને સુનંદા શેઠાણીને આપે છે અને જીવંધર ચંદ્રમાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યા. આર્યનંદી નામના મુનિ કે જેમને ભસ્મક રોગ થવાથી ક્ષુધારોગના શમન માટે ગંધોત્કટ શેઠની ભોજનશાળામાં આવે છે અને બધું જ ભોજન ખાઈ લે છે છતાં તૃપ્ત ન થતા જીવંધર પોતાના ભોજનમાંથી અમુક ભોજન આપે છે જેનો એક ગ્રાસ ખાવા માત્રથી રોગનું શમન થઈ જાય છે અને તેના ઉપકારનો બદલો વાળવા જીવંધરને વિદ્વાન બનાવવાનો નિર્ણય કરે છે.. ... આગળ

આ કથાને સાંભળીને જીવંધરકુમાર સમજી ગયા કે આ વૃત્તાંત તો મારા ગુરવર્ય શ્રી આર્યનંદીજીનો જ છે. આના પછી આર્યનંદીએ જીવંધરકુમારને તેના પિતા સત્યંધર, શેઠ ગંધોત્કટ અને દુષ્ટ કાષ્ઠાંગારનો વાસ્તવિક પરિચય આપ્યો. વસ્તુસ્થિતિ જાણીને જીવંધરકુમાર કાષ્ઠાંગારની દુષ્ટતા પર અત્યંત ક્રોધિત થયા અને કાષ્ઠાંગારને મારવા માટે તત્પર થયા.

પણ ગુરુ આર્યનંદીએ એક વર્ષ સુધી કાષ્ઠાંગારને ન મારવારૂપ ગુરુદક્ષિણા જીવંધરકુમારથી લઈ લીધી. તથા પોતાના ઉપર કરેલા ઉપકારનો આભારપૂર્વક બદલો ચુકાવીને એટલે કે જીવંધરકુમારને શ્રેષ્ઠ વિદ્વાન બનાવીને આર્યનંદીએ ફરીને મુનિદીક્ષા ધારણ કરી અને તે જ ભવે મોક્ષ પધાર્યા.

રાજપુરી નગરીમાં એક નંદગોપ નામે ગોવાળ રહેતો હતો. એક દિવસ અમુક ભીલોએ તેની ગાયોને વાડામાં પૂરી દીધી. ત્યારે દુઃખી થઈને રાજા કાષ્ઠાંગાર પાસે ગાય છોડાવવા માટે વિનંતી કરી. રાજાએ પોતાની સેનાને ભીલોથી ગાય છોડાવવા માટે મોકલી, પણ જ્યારે સેના ગાયને લાવવા અસમર્થ થઈ ત્યારે નંદગોપે નગરમાં જાહેરાત

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શન નથી ત્યમ પર તણું, દર્શન ખરે દર્શન તથા. ૩૫૯.

કરાવી કે "જે વ્યક્તિ મારી ગાય છોડાવીને લાવશે તેને સાત સોનાની પૂતળીઓ ઈનામના રૂપમાં આપીશ અને સાથે જ પોતાની કન્યાના લગ્ન પણ તેની સાથે કરી આપીશ." જીવંધરે જાહેરાત કરવાવાળાને રોક્યા અને પોતે જંગલમાં જઈ ભીલો પાસેથી ગાયને છોડાવી લાવ્યા. તે અનુસાર નંદગોપની કન્યાના લગ્ન પોતાના મિત્ર પદ્માસ્ય સાથે સંપન્ન કરાવી દીધા.

રાજપુરી નગરીમાં શ્રીદત્ત નામના એક વેપારી રહેતા હતા. તે એકવાર ધન કમાવાના ઉદ્દેશથી વહાણ દ્વારા બીજા દ્વીપમાં ગયા હતા. ધન ઉપાર્જન કરીને જ્યારે તેઓ પાછા ફરી રહ્યા હતા, ત્યારે ભારે વરસાદને કારણે જ્યારે વહાણ ડૂબવા લાગ્યું ત્યારે શ્રીદત્ત વહાણમાં બેઠેલા શોકથી ખેદખિન્ન વ્યક્તિઓને સમજાવે છે કે જો તમે વિપત્તિથી ગભરાઓ છો તો વિપત્તિના કારણભૂત શોકનો પરિત્યાગ કરો.

"હે વિદ્વાન પુરુષો ! શોક કરવાથી આફતનો નાશ થતો નથી, પણ તે આફતોને બોલાવવા જેવું છે, આફતથી બચવાનો ઉપાય નિર્ભયતા છે. અને તે નિર્ભયતા તત્ત્વજ્ઞાનિઓને હોય છે, માટે તમારે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરીને નિર્ભય થાવું જોઈએ. તત્ત્વજ્ઞાનથી જ મનુષ્યને આ લોક તથા પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય છે."

શ્રીદત્ત આગળ કહે છે કે—"તત્ત્વજ્ઞાન અર્થાત્ વસ્તુસ્વરૂપની યથાર્થ સમજ અને સ્વ-પર ભેદવિજ્ઞાન અને આત્માનુભૂતિ થવાથી દુઃખની ઉત્પત્તિના કારણભૂત બાહ્ય વસ્તુ પણ વૈરાગ્યોત્પત્તિનું કારણ બનીને સુખદાયક થઈ જાય છે." શ્રીદત્ત આત્મસંબોધન કરતો થકો પોતાને કહે છે કે–"હે આત્મન્ ! જે પ્રમાણે ક્રોધ લૌકિક અને પરલોક બંનેના સુખ ઉપર પાણી ફેરી દે છે, ઠીક તે જ પ્રમાણે તૃષ્ણારૂપી અગ્નિ બંને લોકને નષ્ટ કરવાવાળી છે." આ પ્રમાણે શ્રીદત્ત તો સંબોધન કરતા રહ્યા અને વહાણ ભારે વરસાદને કારણે સમુદ્રમાં ડૂબી ગયું; પણ શ્રીદત્ત પોતે એક લાકડીના સહારે કોઈ દેશના કિનારે પહોંચી ગયો.

ત્યાં અપરિચિત વ્યક્તિ મળ્યો, તે શેઠ શ્રીદત્તને કોઈ બહાને વિજયાર્ધ પર્વત પર લઈ ગયો અને ત્યાં પહોંચીને કહ્યું કે "હકીકતમાં તમારું જહાજ ડૂબ્યું નથી, તે તો સુરક્ષિત છે. હું ગાંધાર દેશની નિત્યાલોક નગરીનો રાજા ગરુડવેગનો સેવક છું, તેમની સાથે આપની પરંપરાગત મિત્રતા છે. તેમની પુત્રીના લગ્ન માટે આપના સહયોગની

એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;
સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. ૩૬૦.

અપેક્ષા છે. માટે તેમણે મને તમારી પાસે તમને લાવવા માટેનો આદેશ કર્યો હતો. સમયના અભાવમાં બીજો ઉપાય ન સૂઝતા મેં તમારા મનમાં વહાણ નાશ થવાનો ભ્રમ ઉત્પન્ન કર્યો અને આપને અહીં લાવ્યો છું. હવે આપ પ્રસન્ન થઈને તમારા મિત્ર ગરુડવેગને મળો અને તેમની સમસ્યાનો ઉકેલમાં સહયોગ કરો.''

શ્રીદત્ત શેઠ અને રાજા ગરુડવેગનું ઘણા સમય બાદ મિલન થયું, રાજા ગરુડવેગે શ્રીદત્તને પોતાની કન્યા ગંધર્વદત્તા સોંપતા કહ્યું કે—''રાજપુરીમાં વીણા વાદનમાં જે આને જીતશે તે આનો પતિ થશે.''

શ્રીદત્ત ગંધર્વદત્તાને લઈને ઘરે આવ્યો અને પોતાની પત્નીને બધા સમાચાર સંભળાવ્યા. શ્રીદત્તે રાજાની આજ્ઞા લઈને સ્વયંવર મંડપ રચ્યો અને રાજપુરી નગરીમાં જાહેરાત કરાવી કે ''જે મારી કન્યા ગંધર્વદત્તાને વીણા વાદનમાં હરાવશે, તે તેનો પતિ થશે.''

જ્યારે ગંધર્વદત્તાની સાથ વીણા-વાદનમાં બધા પ્રતિસ્પર્ધી હારી ગયા, ત્યારે જીવંધરકુમારે પોતાની ઘોષવતી વીણા વગાડીને ગંધર્વદત્તા ઉપર વિજય પ્રાપ્ત કરી, ફળસ્વરૂપે તેના લગ્ન ગંધર્વદત્તાથી સંપન્ન થયા. આ ઘટનાથી કાષ્ઠાંગારને ઈર્ષ્યા ઉત્પન્ન થઈ, તેણે ઉપસ્થિત બધા રાજાઓને જીવંધરકુમાર વિરુદ્ધ ભડકાવ્યા અને તેમને જીવંધરકુમારથી યુદ્ધ કરવાની પ્રેરણા આપી, પણ બધા રાજા યુદ્ધમાં જીવંધરકુમારથી હારી ગયા.



વસંતઋતુમાં એક દિવસ જીવંધરકુમાર જલક્રીડા જોવા નદી કિનારે ગયા હતા. ત્યાં એક કૂતરાઓ યજ્ઞ સામગ્રીને એઠું કરી દીધું, જેના કારણે દુષ્ટ લોકો તે કૂતરાને મારી-મારીને અધમરો કરી દીધો. તે કૂતરાને જીવંધરકુમારે ણમોકાર મંત્ર સંભળાવ્યા, તેથી તે કૂતરાનો જીવ મરીને યક્ષેન્દ્ર થયો. ઉપકારવશ યક્ષેન્દ્ર જીવંધરકુમાર પાસે આવ્યો અને બોલ્યો કે ''હું આપનો સેવક છું, તમારો ઋણી છું. તકલીફના સમયે મારું સ્મરણ કરશો, હું આપની સેવામાં ઉપસ્થિત થઈ જઈશ.'' આટલું કહીને યક્ષેન્દ્ર ચાલ્યો ગયો. (ક્રમશઃ) ❈

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૧.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ : | શ્રી સમયસાર ઉપર (૧૯મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી સમયસાર કલશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ : | શ્રી છઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

* **જ્ઞાનવૈભવ-પ્રકાશન વાર્ષિક દિવસ :—**'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ શ્રાવણ વદ-૧૪, તા. ૧૩-૯-૨૦૨૩ બુધવારના દિવસે છે. આ દિવસે બહેનશ્રીના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

* **દશલક્ષણપર્યુષણ પર્વ :—**ભાદરવા સુદ ૪, મંગળવાર તા. ૧૯-૯-૨૦૨૩ થી ભાદરવા સુદ ૧૪, ગુરુવાર, તા. ૨૮-૯-૨૦૨૩ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુપણ પર્વ શ્રી દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એ જ રીતે તા. ૨૭-૯-૨૦૨૩ બુધવારથી તા. ૨૯-૯-૨૦૨૩ શુક્રવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

* **ઉત્તમ ક્ષમાવણી પર્વ :—**ભાદરવા વદ-૧, શનિવાર તા. ૩૦-૯-૨૦૨૩ના દિવસે ક્ષમાવણી પર્વ સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

(અનુસંધાન પેજ નં. ૯ થી ચાલુ) (સમયસાર પ્રવચન)

પર્યાયમાં તારા પોતાના અપરાધથી રાગમાં એકાકાર થતા સર્વને સંપૂર્ણ પ્રકારે જાણનાર એવા પોતાને જ તું જાણતો નથી.

આત્મદ્રવ્ય સ્વભાવથી સર્વને જાણનાર-દેખનાર છે તોપણ અનાદિથી પોતાના અપરાધ વડે ભાવકર્મથી ઢંકાયેલો છે. ભાવકર્મ એ આત્મસ્વભાવના ઘાતક છે, તેને હિતરૂપ માનીને તેની રુચિમાં જીવ રોકાયો હોવાથી પોતે જ પોતાને જાણતો નથી, માટે અજ્ઞાનદશા વર્તે છે.

**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૨.**

# (૧૨૧)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

**(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર કૌંસમાં આપેલ યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.)**

(૧) છ દ્રવ્યોમાં સર્વવ્યાપક ................. દ્રવ્ય છે. (પુદ્‌ગલ, આકાશ, ધર્માસ્તિકાય)

(૨) ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર ..................... ના પ્રકાર છે. (પુરુષાર્થ, સંજ્ઞા, કષાય)

(૩) શુક્લધ્યાન .................. ને હોય છે. (મુનિ, શ્રાવક, અવિરત સમ્યગ્દષ્ટિ)

(૪) નેમિનાથ ભગવાનને વૈરાગ્ય ............ માં થયો હતો. (દ્વારકા, શૌરીપુર, જૂનાગઢ)

(૫) ગાય, ભેંસ એ ................ જીવનો પ્રકાર છે. (નભચર, જલચર, થલચર)

(૬) કોઈપણ ગતિમાં ................. જન્મતઃ સમ્યગ્દષ્ટિ હોઈ શકે નહીં. (સ્ત્રી, પુરુષ, નપુંસક)

(૭) જ્ઞાની જેટલા કર્મોની નિર્જરા ઉચ્છ્‌વાસ માત્ર સમયમાં કરે છે તેટલા કર્મોની નિર્જરા અજ્ઞાની ................ ભવમાં કરે છે. (એક, અસંખ્યાત, કરોડો)

(૮) જ્ઞેય અને જ્ઞાતારૂપ ................. દ્રવ્ય છે. (પુદ્‌ગલ, જીવ, કાળ)

(૯) ................ ગુણને ન માનવાથી દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા નાશ થવાનો પ્રસંગ આવે છે. (અગુરુલઘુ, પ્રદેશત્વ, અસ્તિત્વ)

(૧૦) લૌકાંતિક દેવ તીર્થંકરોના ................. કલ્યાણકમાં જાય છે. (જન્મ, તપ, મોક્ષ)

(૧૧) દ્રવ્યના પ્રદેશત્વ ગુણની પર્યાયને ................... પર્યાય કહે છે.(અર્થ, વ્યંજન, દ્રવ્ય)

(૧૨) નવ નો કષાય એ ................... છે. (દેશઘાતિ પ્રકૃતિ, સર્વઘાતિ પ્રકૃતિ, ઘાતિકર્મ)

(૧૩) ચૌદ ગુણસ્થાનમાં અંતિમ સાત ગુણસ્થાનમાં ............... ધ્યાન હોય છે. (ધર્મ, શુક્લ, રૌદ્ર)

(૧૪) સમ્યક્ત્વ સહિત મનુષ્ય, તિર્યંચ કે દેવમાં જન્મનારા જીવો ................ પર્યાયમાં જ હોય છે. (પુરુષ, સ્ત્રી, નપુંસક)

(૧૫) નવ અનુદિશ તથા પાંચ અનુત્તર વિમાનમાં બધા જ દેવો નિયમથી પૂર્વભવમાં ...................... હોય છે. (દ્રવ્યલિંગી મુનિ, ભાવલિંગી મુનિ, શ્રાવક)

(૧૬) સ્પર્શગુણની .................. પર્યાય છે. (આઠ, છ, પાંચ)

(૧૭) ............... માં સીતાજીની ગુફા તથા ચરણપાદુકા છે.(અયોધ્યા, તારંગા, માંગીતુંગી)

(૧૮) ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયમાં વિદ્યમાન રહેવાવાળા દ્રવ્યના નિત્ય અંશને ................. કહે છે. (વ્યય, ધ્રૌવ્ય, ઉત્પાદ)

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૪ ઉપર)

## (૧૨૧)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) મુક્ત જીવો ............ માં રહે છે અને દરેક જીવ જુદા જુદા પોતપોતાના ............. માં જ રહે છે.

(૨) સર્વ જીવ છે ........... સમ, જે ............ તે થાય.

(૩) ............ તે મોક્ષનું સાધન નથી.

(૪) જીવે પૂર્વે કદી ............, ............. અને ............... નું સેવન કર્યું નથી.

(૫) શુક્લ લેશ્યા ............. ને હોય, શુક્લધ્યાન ............... ને જ હોય.

(૬) કુદેવ-કુગુરુ-કુધર્મથી ................ પુષ્ટ થાય.

(૭) કુગુરુ ................ જેવા છે. ................ ડૂબે અને એનો આશ્રય લેનારા પણ ..............

(૮) ......... દેવ-ગુરુ-ધર્મને ઓળખીને તેનું સેવન કરવું તે ............ નું મૂળ છે.

(૯) જૈનધર્મનું ગુરુપદ મહાન પવિત્ર ............... પદ છે.

(૧૦) જીવ પોતાના .............. થી સંસારમાં ડૂબે છે.

(૧૧) મહાવીરનો માર્ગ ................. છે.

(૧૨) .............. નો રસ છોડીને ............ ભાવને આદરે ત્યારે અરિહંતને ખરા નમસ્કાર થાય.

(૧૩) ................ જીવ ......... ના સાચા સ્વરૂપને ઓળખતો નથી.

(૧૪) રાગથી જુદો પડી પોતાના તરફ વળે ત્યારે ..........નું સ્વરૂપ ઓળખાય.

(૧૫) જે વીર થઈને ............ માર્ગને સાધે તે મહાવીરને જાણે છે.

(૧૬) વસ્ત્રવાળા સાધુ માનીએ તો ............ અને કુગુરુ સેવનનો દોષ લાગે.

(૧૭) મિથ્યાદષ્ટિપણે .................. ઉપર ઉપસર્ગ કર્યો તેથી રાજા શ્રેણિકે ..........નું આયુષ્ય બાંધ્યું.

(૧૮) શ્રેણિક રાજાએ સમ્યક્દર્શન પામી ............. પ્રભુના ચરણોમાં ............ ભાવના ભાવી તીર્થંકર નામકર્મ બાંધ્યું.

(૧૯) રામચંદ્રજી અને હનુમાનજી ............... થઈને મોક્ષ પામ્યા.

(૨૦) દેવ એટલે ................. પદને પામેલા ભગવાન.

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો
## ઓગસ્ટ-૨૦૨૩ના ઉત્તરો

| | | |
|---|---|---|
| (૧) અસંખ્યાતગુણા | (૭) ઉપશમ, ક્ષાયિક અને સમ્યક્ સહિતનો ક્ષયોપશમ | (૧૪) અસંખ્યાતગુણા |
| (૨) ઉદય અને પારિણામિક | (૮) પારિણામિકભાવ | (૧૫) ક્ષયોપશમભાવ |
| (૩) ક્ષાયિક, ઉદય અને પારિણામિક | (૯) એકથી ચૌદ | (૧૬) ક્ષાયિક સમકિતી |
| (૪) ક્ષાયિક અને પારિણામિક | (૧૦) ચારથી અગ્યાર | (૧૭) ક્ષયોપશમભાવ |
| (૫) ઉદય, ક્ષયોપશમ, ક્ષાયિક, પારિણામિક | (૧૧) એકથી બાર | (૧૮) ક્ષાયિકભાવ |
| (૬) ઉદયભાવ | (૧૨) ચારથી ચૌદ | (૧૯) ઉદયભાવ તથા પારિણામિકભાવ |
| | (૧૩) અસંખ્યાતા | (૨૦) ક્ષયોપશમભાવ |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન
## ઓગસ્ટ – ૨૦૨૩ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) ચૈતન્ય | (૮) મોક્ષ | (૧૪) આત્મા આનંદ |
| (૨) સુખ | (૯) શુદ્ધ જ્ઞાનદર્શનમય | (૧૫) સ્વભાવ સુખી |
| (૩) જ્ઞાન | (૧૦) વીતરાગ – સુખી | (૧૬) આત્મા |
| (૪) મિથ્યાત્વ | (૧૧) દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગ | (૧૭) દુઃખ |
| (૫) વીતરાગવિજ્ઞાન | (૧૨) નિરાકુળ | (૧૮) સુખ |
| (૬) વીતરાગવિજ્ઞાન મિથ્યાત્વાદિ | (૧૩) વીતરાગવિજ્ઞાન | (૧૯) અજ્ઞાન – રાગદ્વેષ |
| (૭) સંસાર | | (૨૦) રાગ-ધર્મ |

(અનુસંધાન પેજ નં. ૩૨ થી ચાલુ) (પ્રૌઢ માટેના પ્રશ્નો)

(૧૯) કર્મના ફળ, ઉદય, બંધ, નિર્જરા આદિ ભાવનું ચિંતન કરવું એ ............... વિચય ધર્મધ્યાન છે. (સંસ્થાન, વિપાક, અપાય)

(૨૦) ............... માં કવલાહાર છે, પરંતુ નિહાર નથી.(ભોગભૂમિ, કર્મભૂમિ, અનાર્યક્ષેત્ર)

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● તું જિનસ્વરૂપ જ છો પ્રભુ! એ જિનસ્વરૂપની દૃષ્ટિ કરવા માટે ગુણગુણીના ભેદની પણ આવશ્યકતા નથી. પ્રભુ! એક સમયમાં જે અનંતા ગુણોને ગળી ગયો છે—પી ગયો છે, એમાં જ્ઞાન-દર્શન-શ્રદ્ધા આદિનો ભેદ નથી. અભેદની દૃષ્ટિ કરતાં ત્યાં ભેદ દેખાતો નથી ને જ્યાં ભેદ દેખાય છે ત્યાં અભેદદૃષ્ટિ થતી નથી. સામાન્ય વસ્તુમાં શુભરાગ તો નથી. નિમિત્ત તો નથી પણ વિશેષ—ભેદ પણ નથી. તેથી ગુણી ને ગુણના ભેદમાં જઈશ તો સમ્યગ્દર્શન નહિ થાય. આહાહા! આ તો ધીરાના કામ છે. ઉતાવળે આંબા ન પાકે! ૫૮૪.

● ગુણી આત્માનો આ આનંદગુણ છે. જ્ઞાતા આત્મા છે ને જ્ઞાન એનો ગુણ છે એવા ભેદથી તો વિકલ્પ ઉઠશે અને એનાથી મને લાભ થશે એમ માને તો તેને મિથ્યાત્વ થશે. ૫૮૫.

● પ્રશ્ન :—જ્ઞાની તો દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગને પુદ્‌ગલનો માને પણ જિજ્ઞાસુ રાગને પુદ્‌ગલનો માને તે બરાબર છે?

ઉત્તર :—જિજ્ઞાસુ પણ વસ્તુસ્વરૂપના ચિંતવન આદિમાં માને કે રાગ તે આત્મા નથી, રાગ તે ઉપાધિભાવ છે, પર આશ્રયે ઉત્પન્ન થતો હોવાથી મારો નથી, પુદ્‌ગલનો છે એમ માને. ૫૮૬

● પ્રશ્ન :—રાગ તે પુદ્‌ગલ પરિણામ.....પુદ્‌ગલ પરિણામ એમ કરીને રાગનો ડર રહે નહિ તો?

ઉત્તર :—એમ હોય નહિ, રાગની રુચિ હોય નહિ, રાગની રુચિ છોડવા માટે રાગ તે પુદ્‌ગલ પરિણામ છે તેમ જાણે. શાસ્ત્રમાં સ્વચ્છંદતા કરવા કોઈ વાત કરી નથી, વીતરાગતા કરવા કહ્યું છે. ૫૮૭.

● પ્રશ્ન :—ધારણાજ્ઞાનથી આગળ વધાતું નથી તો કોના બળે આગળ વધાય છે?

ઉત્તર :—દ્રવ્યના બળે આગળ વધાય છે. જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, દ્રવ્યભાવ એના તરફ પહેલાં જોર જવું જોઈએ. ૫૮૯.

Posted at Songadh PO
Publish on 1-9-2023
Posted on 1-9-2023

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org